
ગોવિંદગુણગાન–ગીતમાધુરી.



આવૃત્તિ બીજી. પ્ર. હા. પુ. બાની.

મહોપકારી મહાત્માની મંજુલ પ્રસાદીરૂપ

ગીતમાધુરી.

સંગ્રાહક,

મણીલાલ મીઠારામ-વરણામાવાળા.

પ્રસિદ્ધકર્ત્તા,

જાની કાળીદાસ ખુસાલરામ-ચરાડાવાળા.

શ્રી " સત્યનારાયણ " પ્રીન્ટીંગ પ્રેસમાં
પટેલ મોતીલાલ કાળીદાસે છાપી.
ઘી કાંટા—અમદાવાદ.

સંવત ૧૯૬૬—સન ૧૯૧૦

ન્યોછાવર ચાર આના.

"વાચક સુણો શુભ વાત અભિધર, જીવ જ્યારે દ્વૈતમાં;
ગુરુનાથ છે તે શિર પણ રે; દ્વૈત નહિ અદ્વૈતમાં."



હેતુ.

દરેક પ્રાણી પેકી પ્રાધ્યાન્યે માનવતનું ધારણ કરનારને વિશ્વ-વ્યાપક સત્તા ઇપ્સિત મેળવવા ગુપ્ત મદદ કરે છેજ. દરમિયાન તત્વ-જ્ઞાની મહાત્માઓ સત્સંગના સહવાસમાં આવનારને પોતાના ચોકકસ અંતઃકરણની મર્યાદામાં રહી તે તે પ્રાણીને ઇપ્સિત મેળવવામાં વધુ મદદ કરી શકે છે તે તો નિર્વિવાદ છે. મહાત્માઓ વાણીદ્વારા વિશેષે મદદ કરે છે. તે વાણી પ્રત્યક્ષ હોય કે પરોક્ષ હોય; તો પણ વાણી એ અન્ય હૃદય છે, તે ગદ્યદ્વારા ને પદ્યદ્વારા હોઇ શકે છે. ગદ્ય કરતાં જેમ પદ્ય બહોળો ફેલાવો કરે છે, તેમ અસ્તીત્વ પણ વધારે ભોગવી શકે છે.

આખો સામવેદ ગાનથી ભરેલો છે. માટેજ ભગવાને કહ્યું કે "**બૃહત્સામ તથા સામ્નાં** અધ્યાય ૧૦ **શ્લોક** ૩૫ ગાયનમાં બૃહત્ સામ મ્હારૂં સ્વરૂપ છે." તેમ કહેવાનું કારણ એ કે—પદ્યનું

પ્રાધાન્યપણું બતાવે છે. પદ્યમાં ગાન સમાયેલું છે. ગાનમાં આલાપ હોઇ શકે છે.—

રાત્રીના સમયે ભયંકર અરણ્યમાં જતા હો છો ને અકસ્માત ભૈરવી (ચીબરી) કે ઘુડપક્ષીનો અવાજ થતાં કેમ ભય પામો છો? ઘર ઉપર કપોત (હોલો) પક્ષી બેસી બોલે છે તો કેમ ઉડાડી મૂકો છો ? પોતાના આશ્રમમાં કોઇ બીમાર હોવે છે ને નિકટમાં કૂતરાં રુદન કરે છે તો શાથી હૃદયમાં વ્યથા થાય છે ? હૃદયમાં વ્યથા થવાનું, ભય પામવાનું કારણ અવાજ (આલાપ છે.) જો કે પશુ પક્ષીઓનો આલાપ જેની અંદર અર્થનું ગાંભિર્ય સમાયેલું હોતું નથી; છતાં પણ હૃદયને અસર કરે છે, તો મહાત્મા તત્વજ્ઞાનીઓએ કરેલો પદ્યદ્વારા એ આલાપ હૃદયને અસર કેમ ન કરે ! જરૂર અસર કરે છેજ !

હમ્મેશાં માનવવિચારો અભિષ્ટ મેળવવા વિચારસૃષ્ટીમાં દોડા દોડ કરી મૂકે છે. દરમિયાન પદ્યદ્વારાએ રહેલા વાણીરૂપ વિચારો મળતાં જેમ એક નદીના પ્રવાહમાં બીજો પ્રવાહ મળતાં તે નદી સ્થૂળપણાને પામે છે તેમ પોતાના વિચારને સજાતીય અન્ય વિચાર મળતાં તે વિચાર સબળતાને પામી અધિક અંશે વેગવાળા હોઇ અભિષ્ટ મેળવવામાં અલ્પ સમય લગાડે છે. આ શિવાય મહાત્મા-ઓને વાણીરૂપ વિચારો બહાર હવાના મોજાંમાં ખુલ્લા મૂકવાનું અન્ય પ્રયોજન સમજાતું નથી.

મહાત્માઓ કઇ અવસ્થામાં, કઇ ભૂમીકામાં હમેશાં રમ્યા કરે છે, તે તો મહાત્માઓની જેઓનાપર કૃપા છે તેઓજ જાણે છે; પરંતુ ગમે તે સ્થિતિમાં કે ભૂમીમાં હોય તો પણ એટલુંજ સિદ્ધ થાય છે

કે ચર્મચક્ષુઓથી નહિં દેખાતી રીતિએ ગુપ્તપણે જનકલ્યાણકારક દીવ્યજીવન વિવિધ રીતિએ ગાળતા હોય છે. પ્રારબ્ધાધીન દીવ્ય જીવન ગાળતાં અધ્યાત્મજ્ઞાનની ગુપ્તવિદ્યામાં પ્રીતિ હોઇ તેને અમલમાં મૂકવાની કંઈ પણ તક મને મળી હોય તો આ મહાત્માજ છે.

આ મહાત્માએ ક્યા મુદ્દાપર ને ક્યા અધિકારવાળા જિજ્ઞાસુ માટે પદો રચેલાં છે, તે મ્હારી જાણથી બહાર છે; તો પણ એટલું તો અનુમાન કરૂં છું કે, કંઇક અન્યને ઉપદેશ કરવા કરતાં પોતાનેજ એટલે પોતાના મનનેજ ઉપાસના માર્ગે દોરી પછે બહાર ઉપાસનાને અધ્યાત્મમાં ઘટાવી હોય એમ અનુમાન થાય છે.

વળી ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, પંચાયતનને અભેદ માર્ગેજ વર્ણવ્યા છે, ને તે પંચાયતન કે જે પંચદેવ તેમનું અસ્તીત્વ **અમીઘર** એ નામના સંકેતે વર્ણવી પોતાનું પૂર્ણ નામ છુપાવેલું લાગે છે. કારણ **અમી+ઘર**, **અમી** એટલે દરેકમાં રહેલી ગુપ્ત ચૈતન્યશક્તિને **ઘર** એટલે ધારણ કરનાર, ભાવાર્થ એ કે ગુપ્ત ચૈતન્યશક્તિને ધારણ કરનાર **વિશ્વવ્યાપક સત્તા** છે, જેને બ્રહ્મ, શિવ, રામ, કૃષ્ણ, ક્રાઇસ્ટ, ઝોરોઆસ્ટર, અરીહંત વિગેરે ગમે તે સંબોધનોથી સંબોધવામાં આવે છે, પરંતુ તે તેજ છે.

નવરાત્રી ૧૯૬૬.

સંતચરણોપાસક,

મણીલાલ.

ગીતમાધુરી.

ઇષ્ટઅભ્યર્થના.

૧

ૐ શ્રી કૃષ્ણ કૃપાળુ, જય જય ઇષ્ટપ્રદાતા;
ઇષ્ટપ્રદાતા જય જય ઇષ્ટપ્રદાતા. ૐ.
શાન્તિ પ્રસારો સર્વે શાન્તિ પ્રસારો;
તુષ્ટિ પુષ્ટિ પ્રભુજી વધારો. શાન્તિ.
અભયવરદ મંગળ જગકર્તા,
અમીધર સુખદાતા. ૐ શ્રી કૃષ્ણ ૧

૨

નટવરજી ગિરિવરધરજી સુખકરજી હો શ્રીવરજી-
વૈકુન્ઠના વાસી હરજી સુણો અરજી રે જી...હો...જી.
કુબ્જા ઉગારી વ્હાલા પ્રાણથી પ્યારીરે, પુતનાને મારી—ગિરિવર૦
ગરવ ઉતાર્યો વ્હાલા મામાને માર્યોરે, અંતે ઉદ્ધાર્યો— ગિરિવર૦
તાપોને કાપો વ્હાલા આનંદ આપોરે, સ્થિરતા સ્થાપો- ગિરિવર૦
નુગરાં શું જાણે વ્હાલા મહીમા પિછાણેરે, જાણે તે માણે- ગિરિવર૦
લક્ષમાં લેજો વ્હાલા દર્શન દેજોરે, અમીધર હર રહેજો—ગિરિવર૦

૩

નમિયે જગતકર્ત્તા, શ્રીધ ગિરિવર કરધરતા દુઃખોહરતા નમિયે.
ભક્તજનો ભય ટાળી અભય થઇ, ભવોદધિ તરતારે. જગ્ત. ૧
આપ કૃપા વિણુ જન કોટી અહીંયાં, જન્મી અને મરતારે. જગ્ત. ૨
પ્રેમીપંથીડા પ્રીતિના પહાડે, પહોંચી આપને વરતારે. જગ્ત. ૩
અમીધર ઇશ્વર મનમંદિરમાં, અમીરસને ભરતારે. જગ્ત. ૪

૪

જય નટવર ગિરિવરધા...રી, છો સેવકને સુખકા...રી;
છો અમીધરજી હિતકા...રી, છો હરીજનના સુખકા...રી. જય. ૧
અમને લ્યો આ ભવતા...રી, અમને લ્યો અહીંથી ઉગા...રી. જય ૨
મોરારી, ગિરિધારી, સુખકારી, દુઃખહારી,
જાઉંવારી, લે તારી, ઉગારી, ભવવારી. હા...............જય. ૩
રણુછોડરાયની બલિહારી, ગોવિંદ માધવ ગિરિધારી;
જેને ગોકુળ ગામની ગાય ચારી, જેને સંતોની વૃત્તીઓ સુધારી.
જેની ધુન્નમાં સમજે સંસ્કારી, જેને ગોકુળની ગોપીઓ ઉદ્ધારી;
જેની ભક્તિ ત્રિલોકને તારનારી, ઋષિરાજ વૃજરાજપર બલિહારી.
સુખ કરજો, દુઃખ હરજો, શિર કર ધરજો લે તારી બલિહારી.
જય નટવર ગિરિવરધા......રી......છો સેવક. જય નટવર. ૪

૫

રાધારમણુ ગિરિધારી છોજી અમીધર હિતકારી;
છોજી હરીજન હિતકારી સુંદર મોરલી મુખધારી. ૧
હમને લ્યો આ ભવ તારી, છોજી સેવક સુખકારી;
છોજી અમીધર હિતકારી, રાધારમણુ ગિરિધારી. ૨

૬

ગોવિંદ ગિરિવરધારી, સુંદર સુખકારી;
મોહન મોરલી ધારી, હરીજન હિતકારી.
કામીને જેવી કામિની પ્યારી, એવી અવિચળ રહેજો યારી,
વ્હાલમજી શું દેશો વિસારી—
અખંડ આનંદકારી, રહો ઇન્તેજારી. ગોવિંદ. ૧
ચંદ્ર ચકોરને જેવી પ્રીતી, મેઘ મયૂરની જેવી રીતી;
સૂમ તણી ધન સહ જેવી સ્થિતી—
ચાતક સ્વાતીવારી—એવી રહો યારી— ગોવિંદ. ૨
અઘટિત ઘટના નિરખુ ત્હારી, આ ભવમાં ભટકુ છું ભારી;
એ થકી લોને મુજને ઉગારી—
અમીધર અરજી ધારી—ત્રીકમ લ્યો તારી. ગોવિંદ. ૩

૭

જય જય નોધારાના આધાર રે,
સીતાપતિ છો પ્રાણ અમારા હાંરે સીતા.
હે...જન્મ્યાની પહેલાં પયોધરની માંહ પ્રભુ,
દેખાડી દુધની ધારા, હાંરે પ્રભુ.
અગ્નિની હોળાથી અમને ઉગાર્યા,
એના જઠરાથી જાળવનારા રે. સીતાપતિ. ૧
હે...નારદ શારદ વ્યાસ વિશારદ,
ગાવે સદા ગુણ ત્હારા. હોરે પ્રભુ.
સુખ કરનારા દુ:ખ હરનારા,
એવા અમીધર ઉર રહેનારા રે. સીતાપતિ. ૨

૮

જય જય જય જગરાયા.........રઘુરાયા.
જય પ્રેમીપંકજભાનુ, જયદનુજ વનદહનકૃશાનુ;
જય દારિદ્ર દુખહારી ......અસુરારી. જય જય જય. ૧
જય અખિલ વિશ્વ વિખ્યાત, જય સેવકને સુખદાતા;
જય હરીજન હિતકારી......જાઉં વારી જશ જય જય. ૨
જય હંસવંશઅવતંસા, શંકર મન માનસહંસા;
ઘો કામ ક્રોધ મારી......જયકારી. જય જય જય. ૩
પ્રભુ કૃપા કટાક્ષજ કરજો, અમીધર અરજી ઉર ધરજો;
હરજો ભવ ભયભારી......સુખકારી. જય જય જય. ૪

૯

જય જય નોધારાના આધારા પ્રભુજી મ્હારા,
સેવકસુખ કરનારા પ્રાણુ પ્યારારે.
ધ્યાન તમારાં નથી ધરિયાં, પ્રભુજી.
કૂડાં કરમ બહુ કરિયાં. પ્રાણુ પ્યારા રે. ૧
દુષ્ટ કર્મે મ્હેં વાળ્યો દાટ, પ્રભુજી.
જાણું નહિ પૂજા પાઠ. પ્રાણુ પ્યારા રે. ૨
મિથ્યા માયામાં સુખ માણું. પ્રભુજી.
વ્હાલા ન જપ તપ જાણું, પ્રાણુ પ્યારા રે. ૩
ભક્તિ પ્રમાણે જ્ઞાનભૂપ, પ્રભુજી.
સમજાણું આપનું સ્વરૂપ. પ્રાણુ પ્યારા રે. ૪
જેવો તેવો છું હું તમારો, પ્રભુજી.
નાથ ન કરશો હવે ન્યારો. પ્રાણુ પ્યારા રે. ૫

બિરૂદ બાનાનું જો રે જાશે, પ્રભુજી.
તો તો લોકોમાં હાંસી થાશે. પ્રાણ પ્યારા રે. ૬
વડાઇ આપની વિચારો, પ્રભુજી.
ભવજળથી અમીશ્વર તારો. પ્રાણ પ્યારા રે. ૭

૧૦

મોહન ખબરિયાં લેજો મ્હારી, હરી હરી;
પળ પળ ખબરિયાં લેજો મ્હારી, ફરી ફરી;
સુરતા ભૂલાવો ના તમારી, હરી હરી;
વ્હાલમજી દેશો ના વિસારી, ફરી ફરી;
હવે ના સતાવો કહું કર જોડી,
રહ્યો ભવરોગથી હું હારી, મરી મરી; મોહન.
તમને ભજીને ભવસાગર ઉતર્યાં,
જન કોટી શાણા સંસારી, તરી તરી; મોહન.
અગણિત નરનારી ત્હારી છે ઈશ્વર,
કૃપા તમે હિતકારી, કરી કરી, મોહન.
અમીશ્વર અરજીથી પાર ઉતારો,
મીઠી નજરિયાં પ્રાણ પ્યારી, ભરી ભરી, મોહન.
" " મુરારી " મોહન.

૧૧

અરજી લેજો ગિરિધારી ઉરધારીરે,
મુને લેજો મુરારી ઉગારીરે,
આપ શેઠ સ્વામી હું છું દાસ હે હરી,

કૃપા કરો કૃપાપતિજી ખંતથી ખરી,
એવું ધારી ન દેશો વિસારીરે. અરજી. ૧
કંસ દાસી કુબડી કીધી પ્યારી છે,
વેરભાવ વાળી પુતનાને તારી છે,
એવી તારી હજારો નરનારીરે. અરજી. ૨
અમીધર આનંદ નંદનંદ આપજો,
વાત સુણી નાથ શિરહાથ સ્થાપજો,
વારે વારે જાઉં બલીહારીરે. અરજી. ૩

૧૨

નંદલાલા વૃજવહાલા, નટવરજી, ગિરિધરજી;
પ્રભુ છતાં પ્રેમે થયા, ગોવાળા મોરલીધરજી નંદલાલા;
ભરવાડાના ભેગા રમિયા ભરવાડ થઇ ભૂધરજી,
અમીધરજી અરજીસુણી; સ્નેહ નિભાવો સુંદરજી,
ટાળો સંતાપો, પાપો સૌ કાપો, આનંદ આપો,
સ્થિરતામાં થાપો. નંદલાલા.

૧૩

આશારે પ્રભુ લાગી ત્હારા નામની,
કામ...દા...મ...કામ...ઠા...મ તજીને,
ઇચ્છા રાખી ઇશ્વર પરમધામની. લાગી૦ આશારે૦
અમીધર ઉર ધરો, કૃપાળુ કૃપા કરો.
દયાળુ રઘુવીર કૃપાળુ યદુવીર. ઉતારો ભવતીર નમાવું પદ શિર,
લાગી ત્હારા. આશારે પ્રભુ.

૧૪

ત્હારા રે......સેવકને શરણે રાખો,
મ્હારા રે......કષ્ટોને કાપી નાંખો;
મુજ પાપો સર્વ કાપો, ટાળીનેરે ઘોર તાપો.
સ્થિરતામાં શ્યામ સ્થાપો, અમીધરજી સુખ આપો.
મન કર્મ વચને કહું ત્રીકમજી. ત્હારા રે...... સેવકને.

૧૫

હે...મોહન મ્હારા વિનતી ના ઉરથી વિસારો જી,
હે...પ્રીતમપ્યારા સમજુને સહેજ ઇસારો જી.
મુજ અપરાધો ગણતાં મોહન, આવે નહિ કંઇ આરો જી;
શરણાગતના બેલી સદાના, વ્હાલા બિરૂદ વિચારો જી......હે મોહન.
ગીધ ગુણિકા ગજ સર્વે તાર્યા, પ્રેમે સુણી પુકારો જી;
તેથી અધમકૃતી હોય મ્હારી, તોહે આપ ઉગારો જી.......હે મોહન.
કામિ કુટિલ ક્રોધી કપટી છું, તોહે ત્રીકમ ત્હારો જી;
આ ભવદરિયો દુખડાનો ભરિયો, બાંહ ગ્રહીને તારોજી....હે મોહન.
ધીંગા ધણી છો ધરણીધરજી, અરજી ઉરમાં ધારોજી;
અમીધરજી ગિરિધરજી સ્વામી, શરણ પડ્યો સંભારો જી....હે મોહન.

૧૬

શ્રીવરા મંગળ મૂર્તિ વૃજજનપતિ ગિરિધરા,
શાન્તિપ્રદાતા સુરવરા, દયાળુ દારિદ્દુ:ખહરા,
સેવકસુખદ સુરવરા, અભયવરદ જયકરા,
અમીધર સુરજી કોઇ શાણા સમજાવેરે (૨.
આપસ આપસમાં સમાવે,...હોજીરે.

વિનતીસહ વાણિ વંદના.

૧૭

ભક્તવત્સળ શ્રી દેવી ભારતીરે, જયતી જયતી;
સેવકનાં કાર્યો સુધારતીરે, જયતી જયતી;
દિન પ્રતિદિન જયતી જયતી;
જન મન તન જયતી જયતી;
સદ્ધર્મી ઊર વિધર્મી દૂર કરવા જયતી જયતી,
શિશુસંતાપ સહુ સંહારતીરે—જયતી જયતી. ભક્ત૦ ૧
પાય પડેલા જનનાં દુઃખનાં આંસુડાંરે,
નેહે નિજ પાલવથી નિવારતીરે—જયતી જયતી. ભક્ત૦ ૨
માતૃવત્સળતા માટે જે કરે સેવારે,
તેના શિર નિર્ભય કર પ્રસારતીરે- જયતી જયતી. ભક્ત૦ ૩
પ્રાણાશા તજી પૂજે ત્હને જે પ્રેમથીરે,
એની ઊતારે સર્વ આરતીરે—જયતી જયતી. ભક્ત૦ ૪
સદા સર્વદા સર્વ સ્થળે સ્નેહાળીરે,
ઉરથી અમીધરજી ના વિસારતીરે—જયતી જયતી. ભક્ત૦ ૫

૧૮

જયદેવિ જયદેવિ જય જનમનહરણી, તું સહુ જનમનહરણી,
પ્રાણપ્રભુ ઉર ધરિણિ વ્હાલમ વશિકરણી. જયદેવિ જયદેવિ. ટેક.
સાડી છે ઘનસ્યામ અતિ ઉજ્વલવરણી તું અતિ ઉજ્વલવરણી;
વૈરાગ્યે વિચરણિ (૨) વિશ્વસકળભરિણિ જયદેવિ જયદેવિ. ૧
સર્વે શાન્ત સ્વરૂપ છે તું આર્ય ઇષ્ટદેવી, છે મુજ ભાગ્યરૂપ દેવી;

ઋષિ મુનિ સુર નર થાયે (૨) સુખિયા તુજ સેવી. જયદેવિ જયદેવિ. ૨
તુને મેળવવા જીવ સહુ સૃષ્ટી માંહી, આ સહુ સૃષ્ટી માંહી;
જપ તપ તીરથ કરતા (૨) બાકી નહિં કાંઇ. જયદેવિ જયદેવિ. ૩
કો તુજ કિરપા કાજ મરણશરણ થાતા, કો જળમાં ઝિંપલાતા;
કાશિવાસિ ઉદાસી (૨) સંન્યાસી થાતા. જયદેવિ જયદેવિ. ૪
મધુરાંગી મુને દિલથી વિસરી નવ દેજે, તું વિસરી નવ દેજે;
અરજી છેલ્લી અમીધર ઉર લેજે રહેજે. જયદેવિ જયદેવિ. ૫

૧૯

બિરૂદાળી મમતાળી દીનદયાળી—
આવોને જમવા માતુ હિતાળી. ટેક.
હે બિરૂદાળી, મમતાળી દીનદયાળી રે માતુ હિતાળી રે—
નિહાલ કરો તમે નેહે નિહાળી. આવો૦ ૧
પ્રેમરૂપી પકવાન કર્યાં છે, સ્નેહસદનમાં ભાવે ભર્યાં છે;
પ્રીતે આરોગોને હે પુન્યશાળી. આવો૦ ૨
પ્રાણાર્પણ બીડું પાનનું માનો, જુક્તિ મુક્તિ ચૂનો કાથો બે જાણો;
શાન્તિ સોપારી જમો જયશાળી. આવો૦ ૩

સાખી.

અમ આળસથી વેઠીયું, ઘણા દિવસ લ્હેં દુઃખ;
સુખ શાન્તિ ભોગવ હવે, ભાવે ટાળી ભૂખ—
સમૂળે સેવકનાં સંકટ કાપો, અમીધર આનંદે જય જય આપો;
અભય સ્થાપોને સહુ ભય ટાળી. આવો૦

માયાગ્રસિત મનને ચાનકપૂર્ણ ચેતવણી !

૨૦

અહિં જન્મ પામી અરરરરરર જીવ ત્હેં શું કીધું રે. ત્હેં શું.
મનુષ્યદેહ વાર વાર, મળશે નહિં ધાર ધાર;
કર વિચાર સાર સાર તો તો સહુ સાધુ રે, સહુ સીધું રે. અહીં ૧
શોધ્યું નહિ નિજ સ્વરૂપ, જોયાં જોયાં વિષયરૂપ;
ગંગાતટે ખોદી કૂપ પાણી વ્યર્થ પીધું રે, વ્યર્થ પીધું રે. અહીં૦ ૨
ઉભય ભ્રષ્ટ આમ આમ, થઇ ગયો તું ઠામ ઠામ;
અમીશ્વર પ્રભુ નામ નામ, લીધું નહિ દીધું રે, નહિ દીધું રે. અહીં૦ ૩

૨૧

સતસંગ કરી લે મનવા સાધુના સંગે.
સાધુના સંગે સાધક ઉરના ઉમંગે, સતસંગ. ટેક.
સરવ સાધનનું ફળ સતસંગ છે, સતસંગનું મૂળ સાધુસંગ છે;
અમીશ્વર સુખપ્રદ ઉભય લોકમાં, સતસંગત્ ચઢતાં રંગ અંગે. સત૦

૨૨

ભજ મન નિશદિન સીયારામને,
રામને રામને રામને ....ભજ મન૦ ટેક.
ભાવે અભાવે રાગે દ્વેષે, હરતાં ફરતાં દે નામને. ભજ મન૦ ૧
હર હર અંત સમે જાવું એકલું. તજી તન ધન ઘર ગામને. ભજ૦ ૨
અમીશ્વર રવિ શશિ જ્યાં નહિ ભાસે–
પામીશ તે તું ધામને. ભજ મન૦ ૩

૨૩

તનખેતર ત્હારૂં પાકયું જીવડા લે તું લણી;
લે તું લણી રે સમજી લે તું લણી. તનખેતર. ટેક.
આવરદા કેરી વાડયો અંતર ઓજાર છે રે;
હરિ નામ બીજડાં કેરી કરી વાવણી, હા હા કરી. તન૦ ૧
મદ ને મમતારૂપ મૃગલાં ચારો ચરે છે રે;
ઝીણી નજરેથી જો જે ખરે તે ભણી, જો જે ખરે તે૦ તન૦ ૨
ભેળાવા ખેતર તાકે કાળો ભરવાડાયો રે;
છોડ છે વૈરાગ્યરૂપી કર કાપણી, હા હા કર૦ તન૦ ૩
શ્રદ્ધાકોઠાર માંહી જ્ઞાનરૂપ દાણારે;
બ્હાલા વિવેકે ભરજે ગણીરે ગણી, બાપુ ગણી૦ તન૦ ૪
સુખિયાં દુખિયાંને દાણા અમીધર આપજેરે;
હવે તું થયો છે ધીંગો ધણીરે ધણી, સુણ સુણ ધણી૦ તન૦ ૫

૨૪

તનદેવળ બેહુ હંસા ત્હારૂં જવારે ફુટી. જવારે૦ તન૦ ટેક.
પાયોને પાયો એઠો પડવા ધ્રૂજીનેરે;
શિરરૂપી શિખર બેઠું જવારે ફુટી, હા હા જવા૦ તન૦ ૧
શિરના ઉપર જે કાળું મુકયું હતું થાણુંરે,
ધોળું થાણું આવ્યું માર્યું કાળાને કુટી, હાંકયું કાળાને૦ તન૦ ૨
મુખના દરવાજા માંહે મુકયા હતા રક્ષકરે;
ખરેખરા ચાલ્યા ધીરે ધીરે તે છુટી, અરરર ધીરે તે૦ તન૦ ૩
દેવળ પડતામાં સર્વે પાયમાલ થાશેરે,
નિશાનીમાં રહેશે નહિ ખીલો કે ખુંટી, હા હા ખીલો૦ તન૦ ૪

દેવળ અમર થઈ જાવા ગુરૂ અમીધર લે ગોતી,
રામ નામ બૂટી પી લે ઘુંટીરે ઘુંટી, તો તો જશે ના ટુટી. તન૦ ૫

૨૫

છે પાણીનો પરપોટો તનડું નહિં તો ટકે.
નહિં તો ટકેરે મનવા રહીશું શકે. છે પાણીનો૦ ટેક.
આશાપટ બાજી રમતાં સ્નેહનાં સોગઠાંરે,
પ્રપંચના પાસા ઉંધા પટ્યા શું બકે, થાયે કેમ શું૦ છે પાણી૦ ૧
માયાધુણીના ગોટા કેરી જેવી છાયારે,
મધુપાન પી મમતાનું કેમ તું છકે, મસ્ત થઇ શું છકે૦ છે પાણી૦ ૨
જેવી છે કરણી તેવી પાર ઉતરણી રે,
એવો ડર રાખી માથે ચાલવું હકે, હા હા ચાલવું૦ છે પાણી૦ ૩
અવસર આવ્યો છે હાથે મોંઘો અમીધરજી મારે,
ધણી ઉર ધારી મારો કાળને ધકે, તો તો તનડું ટકે. છે પાણી૦ ૪

૨૬

રામ રટ મન રામ રટ મન, રામ રટ મન રામ રે;
કામ ધામ દમામ આદિ, નકામ છે એ તમામ રે. રામ૦ ટેક૦
વ્હાલી વ્હાલી વિષની પ્યાલી, મ્હાલી નવ ધર મુખ રે;
શાન્તિસાગર સ્નાન કરી લે, થાય સર્વે સુખ રે. રામ૦ ૧
દિલનું ધાર્યું નવ બને તો, થાય દારૂણ દુઃખ રે;
ભજન ભોજન જમિને ભાવે, ભાગ્ય ભવની ભૂખરે. રામ૦ ૨
વીર ધરિને ધીર જો સૌ, ઝાંઝવાનું નીર રે;
અંતમાં અમીધરજી સાચા, એક શ્રી રઘુવીર રે રામ૦ ૩

૨૭

માનિ છે મન માનિ છે મન, સાચિ કાચિ સગાઇરે;
પંખીડાંનો મેળો મેળો, કેમ રહેશે ભાઇ રે. માની૦ ટેક. ૧
બાળિયા કો દાટીયા કો, ઘોર માંહી ઘાલિયા;
ભોગી યોગી વિયોગથી કો, ગોગી થઇ વન ચાલિયા. માની૦ ૨
માત તાત ને ભ્રાત સર્વ, સાથ ને સંગાથરે;
હાલે ચાલે હાથથી પણ, દોરી નાથને હાથરે. માની૦ ૩
ભોગ ભોગવિ ભોગના, કરવો ન હોય વિયોગરે;
અમીધર ગિરિધરજી ભજતાં, રહે સદા સંયોગરે. માની૦ ૪

૨૮

ભજ તું ભાવ ધરી મન ભયભંજન ભગવાનને,
તજ તું ત્હારાં તર્ક વિતર્ક તણાં તોફાન;
સજ તું શ્યામસુંદર સંગાથે સાચી સ્નેહતા,
રજ તું રાખ હૃદયમાં સુરૂચિ સાથે સાન. ભજ તું. ૧
મ્હેલી માન મોહ મમતા મત મુખરી મૂર્ખતા,
ઠેલી કૂડ કુટિલતા કામ ક્રોધ કંકાસ;
છેલ્લી જલાંજલી દે છળ આદિ કુકૃત્યને,
એલી કર ઝટ બળિયા બદ્રિપતિને ખાસ. ભજ તું ૨
જા તું જગજીવનના શરણે ચટપટ ચેતીને,
ગા તું ગોવિંદના ગુણગાન બની ગુલતાન;
થા તું લીન સદા પ્રભુપદમાં લગનિ લગાડીને,
ભાતુ બાંધ ભલું પરભવનું લાવી ભાન. ભજ તું. ૩
કરિશ ન એવું કામજ ત્યાં લગી અક્ષરધામને,

વરિશ ન કહું છું તુજને તાળી વગાડી વાત;
તરિશ ન બીમ ભવોદધિ તું કરણિતરણિ વિના,
હરિશ ન હરકત ભવભ્રમણાની તું ખરેખાત. ભજ તું. ૪
બાજી છેલ્લી સુધાર તું રે બાપુ સમજુ બની,
લાજી પાજી પણાની ટેવ છોડ દઇ લક્ષ;
ગાજી ગાજી ગાને પ્રભુ ગુણ એથી સહેજમાં,
રાજી થઇ અમીશ્વરજી પ્રભુ થશે પ્રત્યક્ષ. ભજ તું. ૫

૨૯

ચિતડલા ચંચળતા તજી દેજે,
હાંરે રાજી રામ રટણમાં રહેજે. ચિતડલા. ટેક.
કડવું કઠોર કથન કોઇ જનને,
ક્રોધ કરી નવ કહેજે, હાંરે હાંરે કદી.
દિલમાં દાખી દયા દીન પ્રાણિને,
દાન અભયનું દે જે. ચિતડલા. ૧
વિશ્વવિનાશક વિસરી વિચારો,
તર્ક વિતર્કે ન વહેજે. હાં રે તું તો.
સદ્‌ગુરૂ શબ્દોની સત્ય સાનથી,
સ્હેજે સુખ દુઃખ સહેજે. ચિતડલા. ૨
લેખ લખેલ લલિત આ લક્ષમાં,
લાવી લગાવી લેજે. હાં રે લક્ષે.
ઋષિરાજ રટતાં હૃદયમાં,
અમીધર એકજ એ છે. ચિતડલા. ૩
તું...હું...હું...તું તનમાં તપાસતાં,

જેમનું તેમજ છે જે;
વાણી વિચારો વિરમિ રહ્યાં હવે,
આનંદ આનંદ છે રે. ચિતડા. ૪

૩૦

મનડા ભજરે ભજ માહરા મુરારી મનડા જપરે જપ માહરા૦
સેવકસુખકારી દારિદ્રદુઃખહારી, હારી. મનડા. ૧
જપો જપનારી, રાઘવરટનારી,
અહલ્યા ઉગારી ચરણશિરધારી, ધારી. મનડા. ૨
ધ્યાન ધરનારી ગોવિંદને ગાનારી,
મીરાંબાઈ તારી રાણા કેરી નારી, નારી. મનડા. ૩
જેની છે ભક્તિ ત્રિલોક તારનારી.
એને અમીધર ઉચ્ચારી ઉચ્ચારી. મનડા. ૪

૩૧

ખટપટ મેલ મેલ મન તું. (૨)
રાયતણો રંક થાય, રંક તણો રાય થાય;
ભનવાનું બન્યે જાય, ભજરે ભજ ભગવાન તું. ખટપટ. ૧
છોડ સ્નેહ સંસારથી, કાંઇ તેમાં સાર નથી;
અમીધર વિચારથી, સત ચિત્ત આનંદઘન તું. ખટપટ. ૨

૩૨

સતસંગ સાગરને કાંઠડેરે.ચારો ચરે જીવહંસ,
હંસરે મોટાં વિવિધ વિધ મોતીડાં;
હાંરે એ છે ઇશ્વરનો અંસ,
સતસંગ સાગરને કાંઠડે.

પૂરાયો પિંડપીંજરે, કહો તે ઉડે કેમ;
સદ્ગુરૂ કાઢે સ્નેહથી, હંસો બ્હાને હેમ,
કૃપા કરીને લઇ ચાલ્યા કાંઠડે,
મુકયાં મોતીડાં પાસે રેજી,
બાળિ બાળિને ભય પામેલ ભૂલથી,
ત્રાસે ને ત્યાંથી નાસે જીરે,
કૃપા કરીને લઇ.
હંસાને સમજાવિયો—અમીધરજી ગુરરાય;
મુક્તિસાધન મોતિડાં (પછે)
ખાંતે ખાંતે ખાય. સતસંગ. ૧

૩૩

માની ગુમાની મનવો—રામથી રીસાયો,
નાસે છે પાસેથી કઇ કઇ રીતે હું મનાવું,
મસ્તાનીને કઇ કઇ રીતે મનાવું.
લાવે મનાવી કોઇ આંગણે રે,
તેના ચરણોમાં શિર ઝુકાવું.
મનગમ્તું માગે તે આપું હું તેને,
મોટે મોટે મોતીડે વધાવું.
નીરે નવરાવું પક્વાન પીરસાવું,
ખાંતે ખાંતે ખવરાવું.
ચંદન ચરચાવું ને પુષ્પ પહીરાવું,
મુખવાસ પાન ચવરાવું.
હીરા માણુક થાળ ભરી ભેટ આપું,

થોડે થોડે લાડ લડાવું.
અમીધરજી મનવો મનાયા પછી તો,
અભેદના બંધથી બંધાવું.
હૃદયમાં વસાવું કદી ન ખસાવું. **માની.**

૩૪

વિષયોના ફંદ માંહે અરરર જીવડલો ફસાયો,
લોભાયો જીભ રસ ભરિનેરે, કાને ધરિનેરે દ્રષ્ટી ભરિનેરે,
હાથે કરિને ગુંથાયો, **વિષયો.**
ગ્રહીને રામનામ શસ્ત્ર જાળને કાપે,
અમીધર આનંદ આનંદ ઉભય લોકમાં વ્યાપે. વિષયો.

૩૫

જોવા માટે જીવડા નિજકૃત બાગ નવીન,
નિજ દેશથી નીકળી, થયો લોભથી લીન.
હાંરે જોડો જોડો નિજ દેશ જીવ મીઠડી, દ્રષ્ટી વાર વાર.
હાંરે છોડો છોડો આ વિષયોના બાગની, **જીવ બ્હાર બ્હાર.**
વાસનાવાડીએ શિદને લોભાવો, ડાળીયે રસાળીયે શિદને ભટકાવો
વિષયોના ફુલમાં ફસાઓછો જીરે, રંગીલા રસીલા. હાંરે જોડો.
ડાળી ભાળી પાંશરી, બાળી ક્યાં તુજ બુદ્ધ,
કાળી હાળી પાંખડી, લેતાં સરસ રસ શુદ્ધ.
શબ્દ રૂપ કેવડો છે, સ્પર્શ રૂપ ડમરો છે,
તેજ રૂપ ચંપો છે, રસ રૂપ મોગરો છે.
ગંધરૂપ ધહેરો ગુલાબ, ન જાવ વાડીયે.

શાણા સમજીને તમે ન જાવ વાડીયે.
કરો અમીધરને કામ ન જાવ વાડીયે.

૩૬

કૃષ્ણ કૃષ્ણ મુખ કયેંારે કહો ના, કયોં મનપંખી કૃષ્ણ કહો ના.
કયોંરે મનવા કૃષ્ણ કહો ના.
પંચ વિષયકી સરિતા પ્રૌઢી, બહીરે જાત હે વામે બહો ના. કયોં.
કામ ક્રોધ મદ લોભ લુંટારા, યાકે ભરોંસે રંચ રહો ના, કયોં.
અમીધર ઇશ્વર ચિત્ ધન પદકોં, બારે બારે કયોંરે ચહો ના. કયોં.

૩૭

બોલો પ્રાણપોપટજી રામ નામ બોલો,
બોલો મ્હારા મનવાજી કૃષ્ણ કૃષ્ણ બોલો,
બોલો મનભમરાજી શિવ શિવ બોલો,
બોલો ડાહ્યા ડમરાજી તુંહી તુંહી બોલો,
હાંરે મ્હારા મનવાજી, ભમરાજી, પોપટજી, ડાહ્યા ડાહ્યા—
ડમરાજી, બોલો બોલો બોલો. બોલો પ્રાણ.
ડાળી રસાળી સત સંગનીરે,
બોલો બોલો બેસી જરા બોલો,
કરો મીઠડા ટહુકારજો, બોલો બોલો બેસી જરા બોલો.
મોઘો અવસર હાથમાં, આવ્યો અમીધર આજ;
જમી ચારે ફળ જુક્તિથી, કરો સફળ નિજકાજ. બોલો પ્રાણ.

સન્માર્ગના જિજ્ઞાસુઓને સદુપદેશ.

૩૮

સાધક! ભક્તિદેવી વિણુ ભટકે જીવ ભવફેરમાંરે, સાધક ટેક.
કષ્ટ સહન કરી પહોંચે પાસે, આવાસે રહી ચરણુ ઉપાસે;
સુખરવિ ઉદય થાશે (તેને) દુઃખ અંધેરમાંરે. સાધક. ૧
ધેલું ચિત્ત છે વાટે ઘાટે, લેખ લખેલ હશે શું લલાટે;
દેવી છે દૂર માટે નહિ ત્રણુ તેરમાંરે. સાધક. ૨
તે અર્થે જે જપ તપ કરશે, તેને જે જન ધ્યાને ધરશે;
તે ભવસાગર તરશે અમીધર મ્હેરમાંરે. સાધક. ૩

૩૯

શિર નટવર ચરણે નમાવો. નમાવો શિર.
રાધેરમણુજીની રમ્યમૂર્તિ હ્રદયમંદિરમાં રમાવો, ઠરાવો. શિર. ૧
કામ ક્રોધ મદ લોભને મારી, ભક્તિભુવનથી હઠાવો, નસાવો. શિર. ૨
અરસ પરસ મળી હેતે હરીજન ગિરિધરગિરિધર ગાવો, ગવરાવો. શિર. ૩
અમીધર ઇશ્વર ઉરઉરવીમાં, નાનકડાને નચાવો, નચવાવો. શિર. ૪

૪૦

શાણા સ્મરી લે હરી, નિશદિનરે સમજી સેવ્ય આ હરી. શાણા. ટેક.
પિન્ડ પડી જાશે ઘડી પળમાં, કાળ રહ્યો કોપી છળકળમાં;
તેથી તું ડરી. શાણા, નિશદિનરે. ૧
વિત સુત દારા માન્યું મ્હારૂં, કોણુ તપાસી જો છે ત્હારૂં;
દષ્ટી ભરી. શાણા, નિશદિનરે. ૨
ઇષ્ટ સાધવા કરિ લે યત્ન, માનવદેહ છે મોઘું રત્ન;
મળે ના ફરી. શાણા, નિશદિનરે. ૩

સંશયરૂપ ગ્રહી કર સોટા, ગબડાવે કાં ગરબડ ગોટા;
હાથે કરી. શાણુા, નિશદિનરે. ૪
વિષયચાકડે ચ્હડી ભમામાં, અમીધર ઇશ્વિર અંત સમામાં;
દ્રઢતા ધરી. શાણુા, નિશદિનરે. ૫

૪૧

કબ પ્રભુ નામ પુકારહુ અંધા. કબ. ટેક.
પુકાર કરીકે અજામિલ પાપી, ફેડ ગયો ભવફંદા, કબ૦ ૧
પ્રભુ પુકારે બિન યદ્યપિ પ્રતાપી, દુ:ખી ભયો દશકંધા કબ૦ ૨
નામ સુમરનતેં યહ પદ પાવહુ, જહાં ન ભાસત સૂરચંદા. કબ૦ ૩
આગિલ ધંધા પાછિલ ધંધા, બિચમેં લગાદે યહ છંદા. કબ૦ ૪
યહ નરતન પુનિ નવ પાવહુ, સમજ સમજ મતિમંદા. કબ૦ ૫
અમીધર ઇશ્વર પદપંકજમેં, રહો મમ મનમકરંદા. કબ૦ ૬

૪૨

જગમાં જન્મી શું કીધું, રળી રામ નામ, નવ લીધું તો. જગમાં.
જનુની જઠરે કરી વાસ, દીન દશ માસ, દુ:ખ ત્હેં દીધું. જગમાં.૧
તજી સુધા તણો રસ સાર, ખરેખર ક્ષાર, પાણી ત્હેં પીધું. જગમાં. ૨
અમીધર પ્રભુ સહકર પ્રીત, રાખ્ય એ રીત, તો તો સહુ સીધું. જગમાં. ૩

૪૩

રઘુપતિનું રટણુ કરી આ ભાવથી તરવું ભલું,
સીતાપતિ મ્હારા પ્રાણુપતિનું ધ્યાન રૂદે ધરવું ભલું;
જાપ જપી પરિતાપ તજીને પાપ થકી ડરવું ભલું,
આરે અમીધર વિનતિ વિચારી ધારીધારી ફરવું ભલું. રઘુ. ૧

૪૪

સારા વિચારો સેવો નર, સારા વિચારો. સારા૦
સારા વિચારે ઇષ્ટ સધાશે, પોતે તરો ને બીજા તારો;
વિચારો નર સારા૦ સારા૦ ૧
સારા વિચારો સેવતાં, નરનારાયણ રૂપ;
ખોટા વિચારો સેવતાં, પડશો આ ભવકૂપ,
ઉગરવાનો નથી કોઇ આરો. વિચારો સેવો. સારા૦ ૨
કુદરતમાં અથટાટ તે, સરખું એનું માપ;
સરસ નરસ પૂન્ય પાપ છે, **અમીશ્વર** ઉરમાં આપ,
ગુરૂજી ધારો સારા વિચારો. સારા૦ ૩

૪૫

આવો આવો સજ્જન સહુ આવો, ગાવો ગાવો ગોવિંદ ગુણ ગાવો.
લાભ માની લલનામાં લ્યો છો રૂડો લ્હાવો,
માત તાત ભ્રાત અંતે કોણ છે બતાવો બતાવો—આવો૦ ૧
દિન માંહી દશ વાર કરે મ્હોટ દાવો,
ગયો કાળ ફરી નાવે બાપુ તે બચાવો બચાવો—આવો૦ ૨
રંક પ્રાણીયોને કદિ રહેજ ના સતાવો,
સાધુ સંત દેખી શીષ નેહથી નમાવો નમાવો—આવો૦ ૩
જમવાનું હોય ત્યાં તો દોડયા દોડયા જાવો,
અમીશ્વર ભજન માંહે શિદને શરમાવો શરમાવો.—આવો૦ ૪

૪૬

હાંરે પુન્ય ઉદય પામે, તેને ભક્તિ આવે આવે,
યોગી તણો યોગ મળે, જ્ઞાનના હીમાળે ગળે;

બળે પાપ પૂર્વ તણાં, તેને ભક્તિ ભાવે ભાવે હાંરે પુન્ય. ૧
વાદ ને વિવાદ ટળે, પોતાનું બોલ્યું ફળે;
ચળે નહિ ચિતડું ગોવિંદ ગુણ ગાવે ગાવે. હાંરે પુન્ય. ૨
બેભાનના જેવો દીસે, ભાન ભગવાન વિષે;
પીશે તે પ્રભુ રસ અને બીજાને પાવે પાવે. હાંરે પુન્ય. ૩
અમીધર જેવો થઇને, રાગથી વિરાગ રહીને;
કહો પછે જઇને કેને, શિર જઇ નમાવે નમાવે. હાંરે પુન્ય. ૪

૪૭

યહ દેહ ધરીકે, ધરી ધરી ભજીયો હે જો જન સુંદર શ્યામરિયો.
યહ સુમરી હરીકો, ફ્રી ફ્રી તરિયો હે, યહ ભવ દરિયો દુઃખ ભરિયો.
કાહે દેર કરો જપો જાપ જાપ, તાસે મિટે સબી ભવ તાપ પાપ.
જપી લે તું અમીધર નામ નામ તાતેં સુધરી જૈહે સબ કામ કામ.
હરી નામ જપે બિન વ્યર્થ જહાંમે, કાહે યહાં તેં જનમ ધરિયો. યહ.

૪૮

દેખો દીવ્ય દેવનો દેદાર રે, દિલદરબારમાં.
દિલદરબારમાં (૩)
નેત્રો ભરી ભરી નાથને નાથને નાથને.
ન્યાળે કોઇ નેહી નર નાર રે, દિલદરબારમાં.
અખંડ જ્યોતી જગમગે, અખંડ એક ઉજાસ;
સત્ય પ્રેમ પરકાશ એ, પડતો ચારે પાસ
હાંરે તેમાં દયાનો કરીને દેદાર, દેદાર શાણા કરી તરી લ્યો સંસાર.
હાંરે ફ્રી મળે ન દિલદરબાર, વાર વાર વ્હાલા કરી લ્યો વિચાર. દેખો.

અલખ અમીધર નાથછે, ભાવનથી છે બ્હાર;
ગુરૂ પૂજારી જ્ઞાનના દ્વાર ઉઘાડણુ હાર-હાર હાર હાર હાર. દેખો.

૪૯

ભજોને ભાઇ હરી હરી પળેરે પળે,
મનુજ તન ફરી ફરી નહિં તો મળે,
ગુરૂજી વિના જીવડલાનો દિન શું વળે.
મોહી રહ્યો માયા કેરા રૂપરંગેથી,
જુવો જરા અમીશ્વર સતસંગેથી,
રાખોને શ્રેષ્ઠ સુમતી ચિત્ત પાપો-તાપો ટળે.
કદળીફળી ફરી ફરી નહીં તો ફળે. ભજોને.

૫૦

ફડાક ફટરે (૨) ફટ આ તનમોતી ફટકે. ફડાક૦
ક્રૂર કાળની ફાળમાં, બચે ન વૃદ્ધ બાળ;
ફોકટિયા ફોકટ જશે, ફોકટ ભરતા ફાળ.
ઝટપટ જાશે જમ ઝાલી, ચટપટ જાવું છે ચાલી;
તજ ખટપટરે (૨) ખટપટ તજી જાવું ખટકે. ફડાક૦ ૧
દિન દિન દુખ પામ્યો છતાં, ખરો થયો નહિ ક્ષોભ;
લપટાણો બહુ લોભમાં, લોમ તણો નહિ થોભ.
તજ લટપટરે (૨) લટપટથી ભવમાં લટકે. ફડાક૦ ૨
જમ હાથે જ્યારે જાશે, પસ્તાવો પૂરો થાશે;
સરરર સટરે (૨) નટખટ જમથી ક્યાં સટકે. ફડાક૦ ૩
કાળ કુહાડો હાથ લઇ, લેવા તાકે લાગ;

પોઢે છે કેમ પ્રાણિયા, જાગ જાગ રે જાગ.
ઝટપટ ઝટરે (૨) તું જાગ કાપશે ઝટકે. ફડાક૦ ૪
જુઠું સહુ જનુની જાયા, મન માને મિથ્યા માયા;
સરિતા તટરે (૨) તરસ્યો કેમ અહીં તહીં બટકે. ફડાક૦ ૫
વિસરી વિશ્વંભર વિભુ, ઇચ્છે છે સુખ પેર;
વસવું ભવ દરિયા વિષે, કરી મઘરથી વૈર.
પડાક પટરે (૨) પળમાં આવી તે પટકે. ફડાક૦ ૬
અમીધરનો એ ઉપદેશ, હવે શ્વેત થયા સહુ કેશ;
ભજ પરગટરે (૨) નહિતર કાપે જમ કટકે. ફડાક૦ ૭

૫૧

રામ રટયા જેને રીતમાં રે, જય શ્રી કૃષ્ણ,
તે પ્રભુ જનને છે પ્રીતમાં રે, જય શ્રી કૃષ્ણ,
ધન્ય એ દ્વારને રે ધન્ય નર નારને રે;
હરીનું ચિંતન કર્યું હિતમાંરે, જય શ્રી કૃષ્ણ. ૧
ધન્ય એના કર્મને રે, ધન્ય એના ધર્મને રે;
જીત્યો જે જગ ઝગડાની જીતમાં રે, જય શ્રી કૃષ્ણ. ૨
ધન્ય એની માતનેરે, ધન્ય એના તાતને રે;
અમીધર ગિરિધર ગાયા ગીતમાંરે, જય શ્રી કૃષ્ણ. ૩

૫૨

આજે ઉરમાંહી આરામ છે રે, મ્હારે મ્હારે,
વ્હાલાને દંડ પ્રણામ છે રે વારે વારે;
અંતરયામી છે સહુના સ્વામી છે,
જાનકીજીવન રામ, છે રે, પ્યારે પ્યારે, આજે. ૧

લક્ષમાં લેશે પ્રભુ દર્શન દેશેરે;
ચરણકમળ અભિરામ છે તે તારે તારે, આજે. ૨
પૂરણકામ છે રે, સુખના ધામ છે રે;
અમીધર પ્રભુ અંતના વિશ્રામ છે તે ગારે ગારે, આજે. ૩

૫૩

નામ તણો મહિમા અતિ મોટો, કહેવાયે કેમ મુખે ગાઇ,
બલિહારી પ્રભુ નાથની રે. ૧
નામ પ્રતાપે અનાચારી વાંદર, તરિયાં કરી સેવકાઇ. બલિ. ૨
નામ પ્રતાપેથી પાંડવ તરિયા, તરિયો રાવણ કેરો ભાઇ. બલિ. ૩
દ્વેષ થકી પણ પ્રભુ નામ દેતાં, પુતના પોતામાં સમાઇ. બલિ. ૪
નામ પ્રતાપે અજામિલ ઉધર્યો, તરી ગઇ મીરાંબાઇ. બલિ. ૫
નામે સિંધુપર પત્થર તરિયા, તરિયો સજનો કસાઇ. બલિ. ૬
ધનો પેંપો કુબો કેવળ તરિયા, તરિયો નામથી ચેન નાઇ. બલિ. ૭
અમીધર નામ પ્રતાપથી ઉધરે, એમાં શું મોટી નવાઇ. બલિ. ૮

૫૪

આશા અમર છે રે, તેને ધીરવીર કોઇ મારે જી.
આશા અમર છે રે, તેને સંત શૂરા કોઇ મારેજી.
આશા સર્વ જનને હરાવે, તે કોઇથી નવ હારેજી;
તેથી હારે તે જન જીતે, પણ તે કોણ વિચારે. આશા. ૧
અજ શિવ વિષ્ણુ દેવ દેવી પણ, તેને ઉરમાં ધારેજી;
તેથી દેવો સૃષ્ટિ રચીને, પાળે ને સંહારે. આશા. ૨
તે કુકર્મ કરાવે જીવને, જીવો જીવ વિદારે જી;

તે શુભ ધર્મ કરાવે જીવને, જુવો ચડે જીવ વ્હારે. આશા. ૩
ભૂ જળ અગ્નિ કરે સહુ કર્મો, આશાના આધારેજી;
અમીધર આશ કરી નિરાશા, પડાચો આ ભવ પારે. આશા. ૪

૫૫

સાધુ ભાવરે વિનાને ભક્તિ ન દીજિયે રે...હે...જી
હેતાં ભારથ ભય ઉભો થાય;
,, ભાવરે વિનાને નથી કંઇ કામનું રે...હે...જી
ઉલટો ભાવનો અભાવ થઇ જાય. સાધુ ભાવ૦ ટેક.
,, ભાવરે વાળાં આવશે દોડતાં રે...હે...જી
કરી સેવા લેશે માગી આપો આપ;
,, મહા મહા વેઠીને મુશ્કેલીયો રે...હે...જી
સાધી સ્વાર્થ અને ત્યજશે સંતાપ. સાધુ ભાવ૦ ૧
,, પાણીરે પાવાને ઘર ઘર શું ફરોરે...હે...જી
હશે તૃષાવંત ખરા જે રે જન;
,, ખરી તે ઇચ્છાથી ભૂમી ખોદશે રે...હે...જી
સીંચી પાણી કરશે શીતળ તન. સાધુ ભાવ૦ ૨
,, ભુખીયાં શોધવા ભટકી શું ભમો રે...હે...જી
હશે ભુખીયાં તે આવશે ભુવન;
,, પુરા રે ભાવેથી ભુખીયાં માગશે રે...હે...જી
અને લેશે પોતે ખાશે ખાંતે અન્ન. સાધુ ભાવ૦ ૩
,, કાગને મોતીડાં નથી કામનાં રે...હે...જી
માટે મોતીડાં શું કાગને દેવાય;
,, તાંહે ફિરપાથી તેને આપતાં રે...હે...જી

તેને તજી તુર્ત પોતાનું ન્હાય. સાધુ ભાવ૦ ૪

સાધક મોતીડાં મુંઘાં પણ હંસને કામનાં રે...હે...જી
એને આપ્યે ખાંતે ફોડી ફોડી ખાય;
" એમ ભાવરે વિનાનો મનવો કાગડોરે...હે...જી
ભાવવાળો ભલો મ્હારો હંસરાય. સાધુ ભાવ૦ ૫
" ભાવરે વિનાના ઓલ્યા વાંદરે રે...હે...જી
તોડી પાડ્યું સુગરીબાઇ કેરૂં ધામ;
" એમ ભાવરે વિનાના જનને ભેટતાં રે...હે...જી
વિણસે કામને થઇ જાય અકામ. સાધુ ભાવ૦ ૬
" ભાવરે વિનાના ઉંદર ભાઇને રે...હે ..જી
શીત દેખી હંસે લીધો પાંખ માંય.
" ટાઢયરે મટીને આવ્યો હુંફમાં રે...હે...જી
ધીરે ધીરે કાપી પાંખ તેણે ત્યાંય. સાધુ ભાવ૦ ૭
" ભાવરે વિનાને કંઈ નવ કીજીએ રે...હે...જી
કંઇપણ લીજીએ ના દીજીએ રે કામ.
" ભાવરે વાળાને સર્વસ સોંપતાં રે...હે...જી
આપે **અમીધર** ઇશ્વર આરામ. સાધુ ભાવ૦ ૮

૫૬

સાધક ભાવરે વિનાની ભક્તિ ના કીજીએ રે...હે...જી
ભાવથી સઘળાં સુકાર્ય સધાય.
" ભાવરે વિના સહુ સાધન ફોક છે રે...હે...જી
ભાવે દુર્લભ પણ સુલભ થાય. સાધક ભાવ૦ ટેક.
" ભાવથી રચાયું પીંડ બ્રહ્માંડમાં રે...હે...જી

ભાવે ભરાયાં ચોવીસ અંતસકર્ણ
સાધક ભાવથી ભેટોરે અજ શિવ લોક રે...હે...જી
ભાવે થાય વળી જન્મને મર્ણ. સાધક૦ ૧

,, ભાવથી સાગર છિછળી રહ્યો રે...હે...જી
ભાવથી પ્રકાશે છે તારા સૂર ચંદ્ર,
,, ભાવથી વિવિધ વાયુ વહી રહ્યો રે...હે...જી
ભાવથી સુગંધિત શીતળ મંદ સાધક૦ ૨

,, ભાવથી ચતુર્દશ લોકમાં રે...હે...જી
ભાવથી ચાલે એનો વિવિધ વ્યવહાર;
,, ભાવથી પોષાય સર્વ પ્રાણીયો રે...હે...જી
ભાવે કોશંટાના કીડા કેરો આહાર. સાધક૦ ૩

,, ભાવરે મળે નહિ ઝાડ પહાડમાં રે...હે...જી
ભાવરે મળે નહિ ભૂમિ આકાશ;
,, ભાવરે મળે ન વાટ ઘાટમાં રે...હે...જી
ભાવની રાખો નહિ અન્ય સ્થળે આશ. સાધક૦ ૪

,, ભાવના માટે શું ભટકો અહીં તહીં રે...હે...જી
ભાવના માટે ધારી ધારણ ધીર;
,, ભાવનો મળે નિજ મંદિરમાં રે...હે...જી
માટે શોધો ભાવે ઉરનું મંદિર. સાધક૦ ૫

,, ભાવરે ભાવમાં ઝાઝો ભેદ છે રે...હે...જી.
ભાવે ચોર શાહુકાર ભરે બાથ;
,, જેરે ભાવેથી ભગવત ભેટતા રે...હે...જી.
એની કુંચી મારા ગુરૂદેવને હાથ. સાધક૦ ૬

સાધક ભાવથી વશ થાયે પશુ પંખીડાંરે...હે...જી.
ભાવે ઝહેરી ક્રોધી રાફડાના નાગ;
,, ભાવથી વશ થયા વનના હાથીઓરે...હે...જી
ભાવથી વશ થયા વગડાના વાઘ. સાધક૦ ૭

,, ભાવ એજ મંત્ર તંત્ર જંત્ર છે રે...હે...જી
સુર નર નાગ હરી અજને મહાદેવ;
,, ભાવના આધીન સર્વે દેવતા રે...હે...જી
ભાવે વશ **અમિધર** દેવ ગુરૂદેવ. સાધક૦ ૮

૫૭

આવો હરીજન, સરવે હળી મળી,
કૃસ્નચંદ્રનું કીરતન કરીયે,
શ્યામ સુમરીયે, બ્રહ્માંડભરીયે,
ઉંચ્ચે સુરેથી ઉચ્ચરીયે;
જાપ નીતિને અહો અનુસરીયે,
તો ભવ ફેરા શિઘ્ર ફરીયે,
દુરિજન લોકથી શિઘ્ર દિલ ડરીયે;
ભવદરિયે સહજે તરિયે ......હે......હે.
અમીધર કરમાંહી કર ધરિયે,
કામ તેથી તંદુર હરિયે.

ગુરૂપ્રતાપ-ગૌરવતા.

૫૮

હેત કરી કરીને જોડું જય દ્વય હાથ,
ગુરૂજી હ્રદયે રહેજો.
નામું ધરી ધરીને મસ્તક ધરિણિ સાથ,
ગુરૂજી હ્રદયે રહેજો.
કેક કાળથી ખોળ કરંતાં,
સહેજે ભેટયા સ્યામ—રામ કેક.
કેમ વિસારૂં કહોને ગુરૂજી,
સેવકના સુખધામરે. ગુરૂ. હેત. ૧
મળિયા મળિયા મળિયા મુજને,
અંતરયામી આપ—રામ.
ટળિયા ટળિયા ટળિયા તનના,
તાતા ત્રિવિધિના તાપ રે. ગુરૂ. હેત. ૨
તવ ચરણે સહુ તન મન ધન છે,
ભક્તવચ્છળ ભગવાન—રામ.
શરણાગતને શરણે રાખો,
દઇ અભયપદ દાનરે. ગુરૂ. હેત. ૩
રસ્તે જાતાં રતનચિંતામણિ,
મળી આવ્યું મુજ આજ—રામ.
અમીધરજી શિર ઉપર સ્વામી,
રાજા બિરાજે ઋષિરાજરે. ગુરૂ. હેત. ૪

૫૯

જ્ઞાની ગુરૂજી જ્ઞાન બતલાવે,
આત્મા ઓળખાવે લ્હાવો લેવરાવે;
હે...વારી જાઉંરે ગુરૂને જોડી હાથને રે,
જેણે દિલમાં દરસાવ્યા દીનાનાથને રે.
જેણે ખોલ્યાં જ્ઞાનનાં બંધ બારણુંરે,
વારે વારે ગુરૂનાં લેઉં વારણુંરે.
જેણે દિલમાં દરસાવ્યા. જ્ઞાની ગુરૂજી.
નામના પરતાપે તરિયા લાખો જીવને જંતજી,
નામના આધારે શઠપણુ,
સુધરી થઇ ગયા સતજી. જ્ઞાની ગુરૂજી.
શ્રોતા સુણો સહુ વાત,
અમીધર જીવ જ્યારે દ્વૈતમાં;
ગુરૂ નાથ છે તે શિવ પણુરે,
દ્વૈત નહિ અદ્વૈતમાં. જ્ઞાની ગુરૂજી.

૬૦

કોઈ અહેવો ગુરૂ મળી આવે પિંડમાં પ્રભુજી પરસાવે,
દિલડામા દેવ દરસાવે...હોજીરે નાગર નટવરનેરે...જી હો જી.
જ્યાંજ્યાં જાવેરે ત્યાંથી પકડી મંગાવેરે (૨)
ગહન ગુફામાં ઘેર લાવે...હોજી
ઉંધાંરે મૂળ જેની નીચી છે ડાળીયો રે (૨)
અહેવા આંબાના ફળ ખવરાવે...હો જી.
ત્રિપુટી ત્રીવેણી માંહી, નેહે નવરાવેરે (૨)
પ્રીતિનું જળ પીવરાવે–હો જીરે

અમીધર ગુરૂજી કોઇ શાણો સમજાવેરે (૨)
આપસ આપસમાં સમાવે...હો જીરે.

૬૧

ગુરૂવિના ગુપ્ત ભેદ નહિં બીજે મળે રે,
ગુરૂ મળે ગૂઢ ગ્રંથી હૃદયતંત્રની ટળે રે. ગુરૂ. ટેક.
જપ તપ કરી તીરથ ફરે, દેવળ દેવળ દર્શન કરે;
વિવિધ કર્મકાંડ કરે, તોહે શું વળે રે. ગુરૂ ૧.
યોગ યજ્ઞ ઉલટી જાય, મંત્ર તંત્ર વ્યર્થ થાય;
ગુરૂકૃપા વિણ સર્વે અફળ, ફળ નહિ ફળે રે. ગુરૂ. ૨
અમીધર ગુરૂ કૃપાપાત્ર, દેવ દનુજ મનુંજ માત્ર;
બ્રહ્મના આનંદમાં આનંદથી ભળે રે. ગુરૂ. ૩

૬૨

સેવા સદા દર્પણ, સદગુરૂ સેવા સદા દર્પણ.
સદગુરૂ શીખવે સર્વે કર્મો, કરવાં કૃષ્ણાર્પણ. સદગુરૂ.
અમીધર ઇશ્વર એથી કરીએ, નિજ આલય અર્પણ. સદગુરૂ.

પ્રેમલક્ષણા ભક્તિની પ્રેરણા.

૬૩

હાલો બાઇયો હરી । પુરમાં જઇએ રે—
નિર્મળ ગંગામાં નાહીએ રે બિરદ મોહનને કાજે.
હે... વ્હાલા રે વૃજમાં વાસો વસીને, સુખ આપ્યું વૃજરાજે. હાંરેઆપુ.
પહેલેથી પ્રીત દેખાડી પછે, અમને દગો દીધો દગાબાજે રે......
દહીં દુધ દઇને જેને ઉછેર્યો (૨) અળગો થયો તે આજેરે. હાલો. ૧

હે......ગાયોને ચારતો ગોવાળીયો તે, ગાદી પતી થઈ ગાજે;
મોરના મુકુટને વિસારી મેલ્યો, મનડું મોહ્યું શિરતાજે રે,
આગળ બોલાવીને પાછળ પાડ્યાં (૨) મીઠું બોલી મહારાજે. હાલો ૨
હે...માંકડાંને લઇ માંખણ માગી ખાતોતે, રાજા બનીને બિરાજે;
મોતી ને માણુક પહેરવા મળ્યાં હવે, રાતી ચુંજાથી કેમ રાજે રે.
ભોળા ભરવાડીયાને રાજ્ય મળ્યું માટે (૨) લાકડી ને કાંબળાથી
લાજેરે. હાલો. ૩
હે...સાચું રે બોલવાના સમ લઈ ખાધા છે, બેઠા છે જુઠના જહાજે
વિસર્યું દુઃખ અને વૈરી થયા પણ, છાપરાનું છાજ નહિ છાજે રે.
અમીધર ઓશીયાળાં નથી કાંઇ આપણે (૨) કાઢ્યા નથી ટકા
ભ્પાજેરે. હાલો ૪

૬૪

મનહર મોહન મીઠડા લાલ, આવોને જમવા જીવણ લાલ.
ધીરે...હા...ધીરે...હા. ધીરે...હા...ધીરે—
ચાલી ચટકતીરે ચિતહર ચાલ— આવો. મનહર. ૧
આવો ના હમ ખાવો હરખાવો હરખાવો—
નેહેથી ન્યાળીને થઉછું હું ન્હાલ— આવો. મનહર. ૨
પૂરી મધુરીની પૂરી છે મ્હાર, કહાના કીધો કોડે કોડે કંસાર;
વ્હાલા વધાર્યા મ્હેં વહાલેથી વાલ— આવો. મનહર. ૩
સુંદર સુખકર સુખડાં કર્યાં છે, ભંડાર માંહી લાવી ભર્યાં છે;
તેનો તપાસોને કેવો છે તાલ. આવો. મનહર. ૪

સાખી

વ્યંજન સર્વે વઘારીયાં, ચિંતવન નહિં કઇ ચૂક;
ઉતાવળ કરતાં અરે, પ્રશ જશે અથઙૂક—

જમવામાં જોજો જી રાખતા ક્રમ, માગીને લેજોજી મ્હારા છે સમ;
સર્વ સામગ્રીનો મોંઘો છે માલ, આવો. મનહર. ૫
કેશરમય જમી કેશવપાન, દેજો **અમીધરજી** શાંતિનું દાન;
જાયે જેથી કરી જગ જંજાળ. આવો. મનહર. ૬

૬૫

જમોને જુગદાધાર, જીવણુ જુગતે જમાડું,
જુગતે જમાડું રે જીવણુ જુગતે જમાડું,
હૈયા કેરા હાર હરી હેતે જમાડું,
પ્રાણુના આધાર પ્યારા પ્રીત પમાડું,
ઉરના આધાર મ્હારા રંગે રમાડું,
રંગે રમાડું રસીલા રંગે, જમો૦
પ્યારથી પ્યારા પૂરી કીધી શાક છટાદાર;
પાતળીયા થાળ પ્રીત કરીને, પીરસ્યો પ્રાણુાધાર. જમો૦ ૧
મોહન ઉન્હા દુધમાં મ્હેંતો, સાકર નાંખી સાર,
આરોગોને અંતરયામી, માનીશ આપ આભાર. જમો૦ ૨
વ્હાલા વાળ્યું બીડું જમો, પાન તણું કરી પ્યાર,
ઊંઘે ઘેરાય છે આંખલડીયો, શાથી કરો હવે વાર. જમો૦ ૩
વ્હાલમ ગઇ છે રાતડી વીતી, શાન્ત થયો સંસાર,
અમીધર પ્રભુ પોઢો આનંદે, વંદું વારંવાર. જમો૦ ૪

૬૬

કાનુડે અમને કરીયાં કામણુ કંઈ કંઈ કંઈ, કાનુડે. ટેક.
જ્યાંરે જોઉં ત્યાં ત્યાં નજરે નિહાળું રે,
નાથ વિના બીજું નહિ નહિ નહિ. કાનુડે. ૧

ઘર ને બહારમાં તો ઘડીએ ના ગોઠે રે,
દ્હેલુડી બની હું તો ગઇ ગઇ ગઈ. કાનુડે. ૨
ચટકે ને લટકે મ્હારૂં ચિતડું ચોરીને રે,
લટકે લીધું છે વાલે લઇ લઇ લઇ. કાનુડે. ૩
દાસી દયાળુની હું બિનદામની રે,
હારી થાકીને હવે થઇ થઇ થઇ. કાનુડે. ૪
પ્રેમકુવામાં પાસી વરતને વાઢયો રે,
દિલથી દિલાસો અમને દઇ દઇ દઇ. કાનુડે. ૫
અમીધર ઉર માંહી વસિ હસીને રે,
છબી છબીલાની રહી રહી રહી. કાનુડે. ૬

૬૭

કેમ ગમે ઉદ્ધવજી કહો કૃષ્ણને, મળિયું મથુરાનું રાજ.-ગોકુળિયું કેમ ગમે રે.
કેમગમે ગોકુલિયું હવે કૃષ્ણને, થયારે મથુરાના મહારાજ. ગો. ૧
મોરના મુકુટને વિસારી પહેર્યો, શિરપર સોનેરી તાજ. ગો. ૨
ગાયો ગોવાળા ને ગોકુલ કેરા, નામથી થાઓ નારાજ. ગો. ૩
મનની માંનીતિ કુબ્જા મળી, બડી બાહોશ ચંચળબાજ. ગો. ૪
અમારૂં નામ ના લે એમ કહેજો, અંતમાં કહેવાનું આજ. ગો. ૫
અમીધર ઝાઝું શું કૃષ્ણને કહિયે, કહેવાથી સુધરે શું કાજ. ગો. ૬

વિશ્વની વિચિત્ર રચના વિષે વિરક્તોના વિચાર.

૬૮

જગતમાં કોઇ જન સુખી, જગતમાં કોઇ જન દુઃખી;
જગતમાં કોઇ જન રાજા, જગતમાં રંક પણ ઝાઝા. ૧
જગતમાં કોઈ જન મ્હોટા, જગતમાં કોઇ જન છોટા;

જગતમાં કોઇ જન જ્ઞાની, જગતમાં કોઇ અજ્ઞાની. ૨
જગતમાં કોઇ જન ભોગી જગતમાં કોઈ જન યોગી;
જગતમાં કોઇ જન રાગી. જગતમાં કોઇ જન ત્યાગી. ૩
જગતમાં કોઇ જન નાજી. જગતથી કોઇ ઇતરાજી;
જગતમાં કોઇ હુલ્લાસી જગતમાં કોઇ ઉદાસી. ૪
અમીરી કોઇને જગમાં, ફકીરી કોઇને જગમાં;
જગતને કોઇ પરહરતા, જગતને કોઈ કરગરતા. ૫
જગતમાં કો ભૂખે મરતા, જગતમાં કો જમી ઠરતા;
જગતમાં કોઈ જન લેતા, જગતમાં કોઇ જન દેતા. ૬
જગતમાં કોઇ જન સાચા, જગતમાં કોઇ જન કાચા;
જગતમાં કોઇ જન સારા, જગતમાં કોઇ ધુતારા. ૭
જગતને કોઇ જન જુવે, જગતને કોઇ જન રુવે;
જગતમાં વિધવિધ ચાળા, જગત ઘટમાળની માળા. ૮
કંઇ ના સત્ય સમજાયે, પરસ્પર મેળ ના ખાયે;
ઘટાવી એ ઘટિત ઘટના, રહું શી ? રીત તે રટના. ૯
જગતના ઓ અરે સ્વામી, કહું ચરણોમાં શિર નામી;
અમીશ્વર મેળવી જ્ઞાની, સમજ પાડે આ ઘટનાની. ૧૦

૬૯

જગત સહુ દ્રવ્યને યાચે, જગત સહુ દ્રવ્યમાં નાચે;
જગત સહુ દ્રવ્યમાં મ્હાલે, જગત સહુ દ્રવ્યથી ચાલે. ૧
જગત સહુ દ્રવ્યનું ભોગી, રૂષિ તપસી મુનિ યોગી;
જગત સહુ દ્રવ્યનું સાચું, જગત સહુ દ્રવ્ય વિણ કાચું. ૨
જગતના દ્રવ્યની માયા, જગતમાં દ્રવ્યની છાયા;

જગત સહુ દ્રવ્યથી રાજી, જગતમાં દ્રવ્યે આજીજી. ૩
જગત સહુ દ્રવ્યને પૂજે, વિના દ્રવ્ય કંઈ નહિ સૂજે;
જગત સહુ દ્રવ્યથી રૂમઝુમ, છનનન દ્રવ્યથી ઘુમ ઘુમ. ૪
જગતમાં દ્રવ્યની ખેતી, જગતમાં દ્રવ્યની રેતી;
જગતમાં દ્રવ્યના મિત્રો, જ્યાં ત્યાં દ્રવ્યનાં ચિત્રો. ૫
જગતમાં દ્રવ્યની નાતો, જ્યાં ત્યાં દ્રવ્યની વાતો;
ચહે સહુ દ્રવ્ય વિભૂતી, જ્યાં ત્યાં દ્રવ્યની સ્તુતિ. ૬
જગતમાં દ્રવ્યની વાડી, જગતમાં દ્રવ્યની ગાડી;
પઢે સહુ દ્રવ્યના પાઠો, હિસે સહુ દ્રવ્યના ઠાઠો. ૭
જગતમાં દ્રવ્યના વાંધા, જગતમાં દ્રવ્યના સાંધા;
જગત સહુ દ્રવ્યે ભરાયું, જગત સહુ દ્રવ્યથી હાર્યું. ૮
અમીરી દ્રવ્યથી જગમાં, ફકીરી દ્રવ્યથી જગમાં;
ભર્યું એ દ્રવ્ય રગ રગમાં, રહ્યું શું? દ્રવ્ય વિણ જગમાં. ૯
દ્રવી મુજ દ્રવ્યનાં દ્રવ્યો, ઉચાર્યાં આ વચન ભવ્યો;
રૂડું શોધી મળો તેને, અમીધર દ્રવ્યના દર્શને. ૧૦

૭૦

જગતની સ્વાર્થમાં માઝા, પ્રજાને સ્વાર્થના રાજા;
જગતમાં સ્વાર્થની માતા, જગતમાં સ્વાર્થના ભ્રાતા ૧
જગતમાં સ્વાર્થના જ્ઞાની, જગત સહુ સ્વાર્થે વિજ્ઞાની;
જગતમાં સ્વાર્થે વિયોગી, જગતમાં સ્વાર્થના યોગી ૨
જગતમાં સ્વાર્થના ધર્મો, જગતમાં સ્વાર્થે વિધર્મો;
ઇચ્છે ગુરૂ સ્વાર્થની વેળા, જગતમાં સ્વાર્થના ચેલા. ૩
જગતમાં સ્વાર્થના દાસો, શેઠોનો સ્વાર્થમાં વાસો;

વિરાની ને સગા વહાલા, જપે સહુ સ્વાર્થની માળા. ૪
જગતમાં સ્વાર્થની શાળા, સ્કોલરો પુર્ણુ સ્વાર્થાળા.
જગતમાં સ્વાર્થની કોર્ટો, જગતમાં સ્વાર્થે રિપોર્ટો; ૫
જગતમાં સ્વાર્થના અસીલો, જગતમાં સ્વાર્થનો વસીલો;
જગતમાં સ્વાર્થના વકીલો, જ્યાં ત્યાં સ્વાર્થનો ખીલો.
જગતમાં સ્વાર્થનો મેળો, સ્વાર્થથી દોડતી રેલો;
જગતમાં સ્વાર્થની નીતિ, જગતમાં સ્વાર્થની પ્રીતિ. ૭
જગતમાં સ્વાર્થની ભક્તિ, જગતમાં સ્વાર્થની શક્તિ;
જગતમાં સ્વાર્થની સતીયો, જગતમાં સ્વાર્થના પતીઓ; ૮
જગતની સ્વાર્થમાં આશા, ખેલે સહુ સ્વાર્થના પાસા;
ગૃહિ ત્યાગી મુરિદ કાજી, ખેલે સહુ સ્વાર્થની બાજી. ૯
સ્વાર્થેશ્વર ઓ પ્રભુ પ્યારા, અમીધર ઉર વસનારા;
મ્હને તે ઠામ લઇ ચાલો, મળે જ્યાં સ્વાર્થ મુજ વ્હાલો; ૧૦

૭૨

એક દિન વિશ્વમાં લડવું, એક દિન વિશ્વથી રડવું;
એક દિન વિશ્વમાં ચ્હડવું, એક દિન વિશ્વમાં પડવું. ૧
એક દિન નોકરો ફરતા, એક દિન આશા શી ધરતા;
એક દિન વિશ્વમાં મરવું, વળી પાછું ત્યાં અવતરવું; ૨
એક દિન નોકરો થઇને, એક દિન દોડવું રહીને;
એક દિન વિશ્વથી તરવું, એક દિન વિશ્વથી ડરવું. ૩
એક દિન બેસવું હાથી, એક દિન સાથ ન સંગાથી;
એક દિન શ્રેષ્ઠ સુખપાલો, એક દિન બેસવા પાલો. ૪
મીઠાઈ એક દિન તાજી, નહિં એક દિન સુખી ભાજી;

એક દિન પેટ ખુબ ભરવું, એક દિન ભૂખથી મરવું. ૫
એક દિન હેમની થાળી, એક દિન શુષ્ક પતરાળી;
એક દિન હેમમાં પાણી, એક દિન તુંબડી કાણી. ૬
એક દિન સાલ ધારંતા, એક દિન ફુટલી કંથા;
એક દિન મોતીની માળા, એક દિન અંગ મૃગછાલા. ૭
એક દિન સેજ સુખ દેયા, એક દિન ભૂમીની શૈયા;
એક દિન ચાલતો પંખો, એક દિન મચ્છરના ડંખો. ૮
એક દિન મ્હેલમાં ફેરા, એક દિન જંગલે ડેરા;
એક દિન બંગલો ખાસો, એક દિન ઝુંપડી વાસો. ૯
દિનેશ્વર ઓ પ્રભુ મ્હારા, ચરણમાં શર્ણ છું ત્હારા;
અમીધર એ ના દેખાડો, દિનેશ્વર દ્વૈત રૂપ પહાડો. ૧૦

૭૨

અહો અદ્વૈત એક સ્થાને, એક સ્થલ દ્વૈત સનમાને;
એક સ્થલ દ્વૈતના વાડા, એક સ્થલ જ્યાં નહિં વાડા. ૧
એક સ્થલ ધર્મના ઝગડા, અધર્મી એક સ્થલ રગડા;
એક સ્થલ ધર્મના ગ્રંથો, અધર્મી એક સ્થલ પંથો. ૨
એક સ્થળ નહિં વગોવાનું, એક સ્થળ સર્વે ખોવાનું;
એક સ્થલ હર્ષે જોવાનું, એક સ્થલ શોકે રોવાનું. ૩
એક સ્થલ જ્યાં નહિં તડકા, એક સ્થલ તાપના ભડકા;
એક સ્થલ નાટયની શાળા, એક સ્થલ સ્મશાનની જ્વાળા. ૪
એક સ્થલ ન્યાયનું ખાતું, એક અન્યાય કર્યે જાતું;
એક સ્થલ દ્રવ્ય કમાવાનું, એક સ્થલ દ્રવ્ય જાવાનું. ૫
એક સ્થલ તૃપ્તિ ઓડકારો, એક સ્થલ ભૂખ પુકારો;
એક સ્થલ સુખ ઉચારો, એક સ્થલ દુઃખ ઉદ્દગારો. ૬

એક સ્થલ યજ્ઞ જપ થાતા, એક સ્થલ વધ પશુ થાતા;
એક સ્થલ જ્ઞાન થયે જાતું. એક સ્થલ જ્ઞાન વહ્યે જાતું. ૭
એક સ્થલ રાગ રંગ થાએ, એક સ્થલ હાય પીટાયે;
એક સ્થલ કોઈ જન હસતા, દુઃખે જન કોઇ કર ઘસતા. ૮
એક સ્થલ હર્ષ વિનોદો એક સ્થલ શોકના નાદો;
એક સ્થલ શાન્તિ પ્રસરી રહી, એક સ્થલ દિલગિરી છાઇરહી. ૯
સ્થલેશ્વર એ પ્રભુ મ્હારા, બેહો હું આશરે ત્હારા;
જહાં ન દુઃખ સુખ તાપો. અમીધર એ સ્થળે સ્થાપો. ૧૦

“ दिव्य—ब्रह्मसुख. ”

૭૩

એ..સુખ કહ્યું ન જાય. अकथ એથી એ...સુખ કહ્યું ન જાય;
એ...सुख લખ્યું ન જાય. अलख એથી એ...सुख લખ્યું ન જાય.
રે!!! मे'ना લખ્યું જાય. अलख સુખ કેમે લખ્યું કહો જાય.
રે!!! मे'ना કહ્યું જાય अकथ સુખ કેમે કથ્યું કહો જાય.
લખવું શું કથવું શું? વાણિથી—કેમ વળિ कल्पाय.
“अलख सुख रे!!! मे'ना લખ્યું જાય” ॥ ધ્રુવ૦ ॥
शास्त्र गुरु વડે रंच કહો કેમ. એ લેવાય દેવાય. ॥ अलख. १ ॥
मुंगो પંડિત पंडित મુંગો, એ सुखार्थे થઇ જાય ॥ अकथ. २ ॥
મુંગે मानव ए સુખ માણે, લઇ सहृदयनी स्हाय ॥ अलख. ३ ॥
ज्यांसुधि એ સુખ માણ્યું ન त्यांसुधि, જીવતાં सर्व જણાય । अकथ. ४ ॥
मृत्यु थाये ए... સુખ માણતાં, જેથી ફરી ન मराय ॥ अलख. ५ ॥
मृत्युसंजिवान “ए...मां” चमत्कृति अमीधर अनुभवाय.
अकथ એથી એ...सुख કહ્યું ન જાય. रे!!! मे'ना... ॥ ६ ॥

આંતરિક વૈષ્ણવોની આધ્યાત્મિક લીલા.

૭૪

વ્હાલા આ વિચારોરે, પ્રભુ મારી પ્રાર્થનારે,
જન સુખદાયક દીનદયાળ કરૂણાના સિંધુરે કૃપાનિધિ કૃષ્ણજી
પ્રીતમજી પ્રણતના પ્રતિપાળ, વ્હાલા આ વિચારોરે પ્રભુ.
મૃત્યુ મુખમાંહેરે વન વગડે વસી રામ, સિંહતણું પગલું સાચવે છાગ;
એમ હું ધારીનેરે બેઠા આપ આશરેરે, તેથી તરછોડો ન ત્રિકમરાય.
બિરૂદ વિચારોરે વિભુ વિઠ્ઠલેશજીરે જેથી મહિમા ગુણિજન ગાય;
ધ્યાનને સમાધિરે પ્રત્યાહાર ધારણારે, નવ જાણું રાજ કે હઠ નામ. વ્હા. ૧
શુભ પટ્ કર્મોરે સુખથી સધે નહીરે, સધે નહીં મંત્ર તંત્રનો સાર;
ચરણે ચાલીનેરે તીર્થો કેમ બનેરે, કેમ બને વાસ વિપિન મઝાર. વ્હા. ૨
તાપ તાઢ વૃષ્ટિરે મુજથી સહેવાય નહીં, કેમ બને કંદમૂળનો આહાર;
સતસંગ સેવારે સંતની સેવા નહી, નવ બને નિજ સ્વરૂપ વિચાર. વ્હા. ૩
અંતે નિરૂપાયેરે સેવા કરૂં આપની રે, પણ પડે નહિ સામગ્રીની સુઝ;
જે છે તે સામગ્રીરે અર્પેલી આપની રે, કેવારીતે પુજું કહો પૂજ્ય વ્હા. ૪
દધિ દુધ દુર્વારે સર્વ પટ સંપતીરે, સંતોષ સોપારી છે જગદીશ;
અક્રોધના અક્ષતરે શ્રીફળ સત્યનુંરે, વૈરાગ્યનો ધુપ ધરાવું અહનીશ. વ્હા. ૫
ચિંતવન ચંદનરે પુષ્પો પ્રેમનાંરે, અજપાના જાપ જપું હરદમ;
દિલમાંહી જ્યોતિરે જ્ઞાનકેરી જાગજો વિવેકનું વંદન પૂરણ બ્રહ્મ. વ્હા. ૬
સર્વ એ સામગ્રીરે સમર્પિ આપનેરે, [illegible] ની નવ [illegible] હું વૈકુંઠ [illegible]સ;
અભેદનીભક્તિરેઆપોમનેઆપનારે, અમીધર એજ ઉરમાંઆશ. વ્હા ૭

૭૫

મળિયા પરમ ગુરૂ પરમેશ, અલખ કીધી વાતડી;
આપી ઉરમાં મને ઉપદેશ, શીતળ કીધી છાતડી. ૧

સાધક બ્રહ્મરંધ્રના બજારમાં, જાતે જુવો હેતે જઇને હમેશ,
હીરાની ખોલી હાટડી. ૨

સાધક એતો અલખ લખ કેમ બને, કેમ દેખાય એ દિવ્ય દેશ,
વિકટ એની વાટડી. ૩

સાધક પટરે હૃદય પટે બહુ પડી, રૂડી રંગ બેરંગી વિશેષ
નિજનામ કેરી ભાતડી. ૪

સાધક એક અનૂપમ ઓરડી, તેમાં વાસ વસે હૃષિકેશ,
દિવસ અને રાતડી. ૫

સાધક નટવો ત્રિવેણીમાં નાચતો, તેનું નથી કંઇ નામ કે વેષ,
નથીરે કંઇ નાતડી. ૬

સાધક ગઢરે ગગનગઢ ગોખમાં, રહેતા પ્રભુ મારો કરીને પ્રવેશ,
અમીધર રૂપી જાતડી. ૭

૭૬

પંથી પ્રેમના રે, ભેદુ ભાવના રે, સાધક સ્નેહના રે,
આ અલખ કુવા પર આવો જી.

અણુઘડ કહિયો કુવો આ ધડિયો, નિશ્ચય ચૂનો મિલાવ્યો જી;
દ્દઢતા રૂપ પત્થર જોડીને, શ્રદ્ધા કાંઠા બનાવ્યો. ભેદુ. ૧

તૃષાવંત તે આવે અહિંયાં, અહિં તહિં શિદ અથડાવો જી;
નિર્ભય થાઓ ના ડરી જાઓ, પૂર્ણ મટે પસ્તાવો. ભેદુ. ૨

સાધન પાત્રો કર લઈ સાધક, અમથા શું અથડાઓ જી;
વિવેક પગથીયાં ગણી ગણીને, ધીરે ધીરે ચડી જાઓ. ભેદુ. ૩

શ્રદ્ધા રૂપ કિનારો સુંદર, ત્યાં નિજ ચરણ ઠરાવો જી;
આશા દોરી પાસી પાત્રો, લક્ષે ખીંચી લાવો. ભેદુ. ૪

કુવા કિનારે ભેગો કરી દો, મનુષાદેવ મેળાવો જી;
સમજણુથી સમજાવો સહુને, મટે અહીં તહીંનો દાવો. ભેદ્. ૫
જ્ઞાનરૂપી જળપીને પાઓ, પછી ફાવે ત્યાં જાવો જી;
અમીધર અમર થઇ રહ્યા પોતે, લઈ આ જળનો લ્હાવો. ભેદ્. ૬

૭૭

સાધક શાહણા સ્વદેશી સંગાથે સગપણુ કીજિયે જી,
ઓલ્યાં વિદેશિયાં શું જાણે દેશીની રીત હાંરે હાં ઓલ્યાં૦
સાધક શાહણા ભેદુ રે મળે તો દિલડું દીજિયે જી,
ઓલ્યાં વિદેશિયાંથી થાશે સહુ વિપરીત. હાંરે હાં. સાધક૦ ૧
માત પિતા સુત બાંધવ મળશે, મળશે નારી શુભવેષી ગુરૂજી.
દોસ્તદાર મળશે પણ સાધક, મળવું કઠણ નિજ પંથે નિવેષી. સાધક૦ ૨
અમીધર મનનો ગુરૂ મળે તો, શાંતિ કરે ઉપદેશી સાધુજી;
અલખ પંથને અરે ઉલ્લંઘી, પોત પોતામાં મળિયે પોતે પ્રવેશી. સાધક. ૩

૭૮

અલખના દેશમાં વસતો, અલખના દેશમાં હસતો;
અલખનું ધ્યાન હું ધરતો, અલખનું નામ હું સ્મરતો.
અલખના સુખની વાતો, જણાવું ક્યાં જઇ આ તો;
થઇ ઇચ્છા એ કહેવાને, જણાવું જઇને રાજાને.
અલખના ઓ અરે સ્વામી, કહું ચરણોમાં શિરનામી;
સુણી આ વિનતિ મ્હારી, રજા આપોને આભારી.
જગતમાં હું અરે જાવું, અલખનું સુખ કહી આવું;
સુણીને ભૂપ એ કહેતા, હવે અહીંઆં નહિં રહેતા.
અલખની વાતને લખવા, અલખની વાતને બકવા;

થઇ જ્યારે મતિ ત્હારી, નથી ત્યારે તું અધિકારી.
નહિં ત્હારે અહીં વસવું, અહીંથી આ ક્ષણે ખસવું;
અલખને કેમ લખવાયે, અલખને કેમ કહેવાયે.
દઉં છું શાપ સુદ્ધાત્મન્, નહિં વાળું થઇ આત્મન્;
જગતમાં જ્યારે તું જાશે, અચંબો એક ત્યાં થાશે.
મતી વાણી કલમ તારી, થશે તુજથી બેદરકારી;
બધું મુંગું બની જાશે, પૂરી રીતે તું પસ્તાશે.
સુણો એ શાપથી મ્હારી, મતી વાણી ગઇ હારી;
કહો એ કેમ કહેવાયે, કહ્યા વિના ન રહેવાયે.
અમીશ્વર એ અલખ પંથી, અલખની આ પડી ગ્રંથી;
અલખની વાત અહીં ખટકી, અલખ લખતાં કલમ અટકી.

તત્ત્વ ત્રિવેણી.

૭૯

સુખી હું હોઉં ત્હારે શું ? દુઃખી છું તોએ ત્હારે શું ?
વિયોગી જન્ન છે જેથી, સંયોગી તે થશે તેથી.
ભલે આવો ભલે જાઓ, ભલે ત્યાં રહી સુખી થાઓ;
ભલે કો દિન તું આવે, સમય ગયો તે ફરી નાવે.
લઉં લાખો જનમ આલી, વિસારૂં શી રીતે વ્હાલી;
તપીને તન્ન હું તોડું, ફિકરકર્ષ ના નહિં છોડું.
નહિં પાઇ પીધો પ્યાલો, નહીં લ્હાવો લીધો હાલો;
હશે ત્હારે સગાં સહુ છે, હવે તું તું સખી તું છે.
હવે મ્હારી અને ત્હારી, દશાની શું છે દરકારી;

દશા અર્પી છે માતાને, ઉભયને અંકમાં ક્ષાને,
કરે માતા મહેરબાની, મહૂણી સહુ યાદ જીંદગાની;
દયા દિલમાં હશે ત્હેના, કૃપા કરશે ઉપર એના.
બળું છું દુઃખમાં બ્હેની, વધારે શું? કહું કહેની;
અરે !!! માતા દુઃખો હરજે. કૃપા કરજે કૃપા કરજે.
અરેરે ખૂબ સુરતી છે, અરેરે રમ્ય મૂર્તિ છે;
ધરૂં હું ધ્યાન ધીરેથી, ભિંજાયાં નેત્ર નીરેથી.
ચડાવી પ્રેમની ફાંસી. ઉભય લોકે કરી હાંસી;
પડયા સરલા ન સહુ પામા, ગ્રદિ ઇચ્છા ગહન આશા.
જઉં બંકનાલ રૂપ કાશી, થઉં ત્યાગીપિ સંન્યાસી;
તજી તંતર અને ટાળા, જપું તુજ જાપની માળા.
છતાં મળશે નહિં મુજને, કરૂં પ્રાણાર્પણ તુજને;
પછે ધાર્યું ભલે કરજે, લઇ ખોળે બળી મરજે.
પુરવની પ્રીત ઉર લાવી, મહું આસુંથી ભિંજાવી;
પછે છેલ્લું ચુંબન કરજે, લઇ ખોળે બળી મરજે.
ખરે !! ખાલી ખુશી થઇને, હૃદય પર દેહ મૃત લઇને;
આલીંગન અંકથી ભરજે, પછી મ્હારી બળી મરજે.
ફુટી છાની ન પછડાતી, નહીં રોતી દુઃખી થાતી;
લઇ બાજુ શયન કરજે, પછી બળજે પછે મરજે.
કયા તંત્રો વડે તંત્રી, લિધું મુંજ મન તેં મંત્રી;
કર્યું કામણ મ્હને કંઇ કંઇ, સૂઝે તુજ વિણ નહિં અહિં તહિં.
લખી ઝાઝું ન લલચાવું, ફરિ નહીં અહીં વળી આવું;
નથી ઉદાસી ઉત્સાહિ, ફક્ત છું નેહ-નિરવાહિ.
ઉભય બન્ને થયાં એઉં, અરે આ દુઃખ કયાં કહેવું;

મ્હેલેથી થાય શું કહેની, ફજેતી આપણી બ્હેની
વિના નહિં સાર કહી આરે. હજુ કાં ના મળી જાએ;
મળ્યાં તે કંઇક બ્હાનામાં, પડ્યાં એ બંદિખાનામાં.
કરી કંઇ મેં ના દરકારી ? નથી ત્હારી વફાદારી;
થયું સહુ શીખના સાટે, રહ્યાં નહિં વાટ કે ઘાટે.

મ્હને દુઃખી કરી સુખી, થવા ઇચ્છે શશીમુખી;
થશે તો તેમ છું ખુશી, કહે થઉં શાથી નાખુશી.
ખુશી નાખુશી સહુ ત્હારે, નથી ચિંતા કંઇ મ્હારે;
રહું રંગે ને ઉમંગે, રમું સંગે હું ઉચ્છરંગે.
સ્વરોદય તારનું સાજું, મીઠું વાજું વળી તાજું;
નથી ત્હારૂં બગાડ્યું મ્હેં, છતાં શાથી બગાડ્યું ત્હેં.

કશું સૂજ્યું નહિં જ્યારે, સુણાવ્યા શબ્દો આ ત્યારે;
કર્યું કરવાનું મ્હેં મ્હારૂં, રૂચીકર તું કર્યે ત્હારૂં.
છુટી તુજથી જવું નિસરી, જજે વ્હાલી હવે વિસરી;
તને છુટ્ટી છે સહુ કરજે, કહ્યું તે ધ્યાન સહુ ધરજે.
નિભે ત્યાં સુધી નિભાવ્યું, છતાં પરિણામ આ આવ્યું;
નિભાવ્યું ત્હેં નહિં શાથી ? થઇ સુખ દુઃખમાં સાથી.

પ્રભુજી પ્રાણથી પ્યારા, ગણી કરજે નહિં ન્યારા;
થયાં વ્હાલાં જે વિયોગી, કરી દેશે તે સંયોગી.

હવે મળશું નહિં આંહી, મળીશું બ્રહ્મની માંહી;
તહાં મનભાવતું કરશું, કરી વિશ્વાસ વિચરશું;
સખી છેલ્લું આ સાંભળજે, કહ્યું બોલ્યું પુરૂં પળજે;
કહેલું ત્હારૂં તું પળજે, મને મળવાનું નીકળજે.

મ્હને તું કાઢજે શોધી, કહું પ્રેમેથી પ્રબોધી;
નિકર મમ નામ મુખેથી, મૂકી દે લેવું મૂખેથી.
નથી ઇચ્છા સ્પૃહા ત્હારે, કહે શું ત્હારે ને મ્હારે;
સંબંધે શું ! હવે રહ્યું છે, છતાં તું તું મ્હને તું છે.
થઇ ભૂલો બહુ મારી, અજાણી છે તે ક્યાં ત્હારી;
મ્હને માફી સહુ કરજે, દયાદૃષ્ટિ સદા ભરજે.
દુઃખી થાવા જનમ મ્હારો, સુખી થાવા જનમ ત્હારો;
હૃદય હરવાનું કીધું મ્હેં, ધણી મળવાનું કીધું ત્હેં.
છતાં દરકાર છે મનથી, સુખી કરવા ત્હને તનથી;
સુખી કરવા ત્હને જાતાં, ભલે દુઃખો મ્હને થાતાં.
મ્હને તે દુઃખ સુખ રૂપ છે, પછી સહુ સૃષ્ટિ સુખ રૂપ છે.
પ્રભુમય તું પ્રભુ તુજ મય, હવે જય જય હવે જય જય.

૮૦

ના તું ઉડી જતીરે, આપણુ એક દિશાનાં પંખી જી.
અરે ! ના ઉડી જતીરે, આપણુ એક દશાનાં પંથીજી.
કાચો ને કચિપારો માળો, તેના સામું જો ઝંખીજી;
બાળ પંખીની પાંખો તું છે, તુજ વિણુ તે વિણુ પંખી—ના ના. ૧
એકવાર ગણ્યું મારૂં તેને, તજાય કેમ અવટંકીજી;
તેમ કરંતાં બેનું બગડે, જ્ઞાની કહે કલંકી—ના ના. ૨
અંથી વળી ગઇ ગહન ગુહામાં, વિકટ વાટ છે વંકીજી;
અલખ પંથને નિભાવ પક્ષી, અરે ! થઇ તું અટંકી. ના ના. ૩
રહેજે રહેજે રમણી ઉરમાં, અમીઉર અરજી અંકીજી;
જીવનવેલી તું જીવાડવાને, જીવ જે બની નિશંકી— ના ના. ૪

૮૧

બરશે ગગનસે ઝીના ઝીના ફોરવા, આકાશ ન્હાયે પાતાલ ન્હાયે,
ન્હાયે સાયં રૂ ભોરવા. બરસે. ૧ ૨
ગિરિ પતિન અરૂ ગિરિવર ન્હાયે. ન્હાયે વિટપ વેલી છોરવા. બરસે.
જડ ચૈતન્ય અંતર બાહર, ન્હાયે સભી સબ ઢોરવા. ૩
પતિ પતિન સાગર નદી ન્હાયે, ન્હાયે પ્રકાશ અરૂ ઘોરવા. બરસે. ૪
અમીધર નિજમે ડૂબા ન ન્હાયા, યે વીતી નહી ઓરવા. બર. ૫

પ્રસ્તાવિક પદો.

૮૨

પૈસાને આધીન જગત સહુ પૈસાને આધીન.
પૈસા વિના સહુ દીન. " " "
યોગી વૈરાગી જંગમ સંન્યાસી, પૈસામાં લયલીન. જગત સહુ.
તેને મેળવવા મારગ સહુના, દેખાયે ભિન્ન ભિન્ન. જગત સહુ.
ગોવાળ થઇ વ્રજગાયો ચારી, પૈસા વિણુ ગમગીન. જગત સહુ.
અમીધર લક્ષ્મીથી દ્વારિકાં રાજા, બનીયા તાગડતાધીન. જગત સહુ.

૮૩

વિશ્વાસુને શિષ્ય વ્હાલોરે મ્હારો વિશ્વાસુને શિષ્ય.
વિશ્વાસ પ્રગટે વિશુદ્ધ હૃદયે, જપતાં શ્રી જુગદીશ. વ્હાલો.
વિશ્વાસેથી કષ્ટ કપાયે, પાડે જમડા ચીશ. વ્હાલો.
અમીધર એથી અર્પણુ કરી, ચારે પદારથ ઇશ. વ્હાલો.

૮૪

મુકુંદ મુકુંદ સ્મરજો રે, હરકત આ ભવની હરવાને,
ઉરમાં એને ધરજો રે, ઠેકાણુ સ્થિર કરવાને.

પ્રભુ પંથને પોઢો કરવા, મનમાં લાવી મ્હેર,
વિશદ ક્ષેત્ર વરસોડામાંહે, રૂપિરાજને ઘેર.
રૂડા માનવ રૂપે રે, આવ્યા ત્યાં અવતરવાને- મુકુંદ. ૧
દશ વર્ષ ને આઠ માસ વળી, ઊપર દિવસ રહ્યા ચાર;
સંવત્ ઓગણીસેં છાછઠે, વ્હાલે કીધો વિચાર.
અર્હાનું આટોપીરે વૈકુંઠે વિચરવાને. મુકુંદ. ૨
અષાડ શુદી શુભ દ્વીતિયા, રથયાત્રાને દિન્ન,
લક્ષ્મીધરના લલિત રૂપમાં, થયા મુકુંદ લયલીન;
પ્રભુના કાર્યમાંહે રે, વિશેષ મદદ કરવાને. મુકુંદ. ૩
ચતુર્ભુજના ચરિત્ર કેરા, પાર ન પામે કોય,
આવ્યા ગયાનું હરજી કેરૂં, જાણે જે હરીજન હોય;
અમીધર એ રીતે રે, જાણે આ ભવજળ તરવા. મુકુંદ. ૪

॥ श्री गोकुलाष्टक. ॥

८५

श्रीमद् गोकुलसर्वस्वं श्रीमद् गोकुलमंडनं ॥
श्रीमद् गोकुलदृकतारा श्रीमद् गोकुलजीवनं ॥ १ ॥
श्रीमद् गोकुलमात्रेशः श्रीमद् गोकुलपालकः ॥
श्रीमद् गोकुललीलाब्धिः श्रीमद् गोकुलसंश्रयः ॥ २ ॥
श्रीमद् गोकुलजीवात्मा श्रीमद् गोकुलमानसं ॥
श्रीमद् गोकुलदुःखघ्नः श्रीमद् गोकुलवीक्षीतंः ॥ ३ ॥
श्रीमद् गोकुलसौंदर्यं श्रीमद् गोकुलसत्फलं ॥

श्रीमद् गोकुलगोप्राणः श्रीमद् गोकुल कामदः ॥ ४ ॥
श्रीमद् गोकुलराकेशः श्रीमद् गोकुलतारकः ॥
श्रीमद् गोकुलपद्मालो श्रीमद् गोकुलसंवृतः ॥ ५ ॥
श्रीमद् गोकुलसंगीतः श्रीमद् गोकुललास्यकृत् ॥
श्रीमद् गोकुलभावात्मा श्रीमद् गोकुलपोषकः ॥ ६ ॥
श्रीमद् गोकुलहृत्स्थानः श्रीमद् गोकुलसंवृतः ॥
श्रीमद् गोकुलदृक्पुष्टः श्रीमद् गोकुलमोदितः ॥ ७ ॥
श्रीमद् गोकुलगोपीशः श्रीमद् गोकुललालितः ॥
श्रीमद् गोकुलभोग्यश्रीः श्रीमद् गोकुलसर्वकृत् ॥ ८ ॥
इमानि गोकुलेशस्य नामानिवदनेमम;
वसंतु सततं चैव लीला च हृदयेसदाः ॥ ९ ॥

मधुराष्टक—छंद तोटक.

८६

अधरं मधुरं वदनं मधुरं, नयनं मधुरं हसितं मधुरं;
हृदयं मधुरं गमनं मधुरं, मधुराधिपते रखिलं मधुरं. ॥ १ ॥
वचनं मधुरं चरितं मधुरं, वसनं मधुरं वलितं मधुरं;
चलितं मधुरं भ्रमितं मधुरं, मधुराधिपते रखिलं मधुरं.॥ २ ॥
वेणुर्मधुरो रेणुर्मधुर, पाणीर्मधुरः पादौ मधुरौ;
नृत्यंमधुरं सख्यंमधुरं, मधुराधिपते रखिलं मधुरं. ॥ ३ ॥

गीतंमधुरं पीतंमधुरं, भुक्तमधुरं सुप्तं मधुरं;
रूपंमधुरं तिलकंमधुरं, मधुराधिपते रखिलं मधुरं. ॥ ४ ॥
करणं मधुरं तरणं मधुरं, हरणं मधुरं रमणं मधुरं;
वमितंमधुरं शमितंमधुरं, मधुराधिपते रखिलंमधुरं. ॥ ५ ॥
गुंजामधुरा माला मधुरा, यमुना मधुरा वीचिमधुरा;
सलिलंमधुरं कमलं मधुरं, मधुराधिपते रखिलंमधुरं. ॥ ६ ॥
गोपी मधुरा लीलामधुरा, युक्तं मधुरं मुक्तं मधुरं;
दृष्टं मधुरं सृष्टं मधुरं, मधुराधिपते रखिलं मधुरं. ॥ ७ ॥
गोपा मधुरा गावो मधुरा, यष्टीर्मधुरा सृष्टिर्मधुरा;
दलितं मधुरं फलितं मधुरं, मथुराधिपते रखिलं मधुरं. ॥ ८ ॥

૮૭

દીન તણા છો દયાળ પ્યારા રામ પ્યારા રામ પ્યારા રામ રે.
કરજો કૃપારે કૃપાળ મ્હારા રામ મ્હારા રામ મ્હારા રામ રે.
આ ભવ દરીઓ દુઃખનો આંહી, મચ્છનીમીમદ મચ્છર જ્યાંહી;
તેટલું નારે તિમિંગળ ત્યાંહી પાર ઉતારોને તારો તમે તત્કાળ;
સીતારામ સીતારામ સીતારામ રે. દીનતણા ૧
આરતની અરજીઉરધારો,વીઠ્ઠલ આપનું બિરૂદ બિચારો;
વ્હાલા અમીધરજી ન વિસારો, ભકત તણા પ્રતિપાળ.
પૂરણકામ પૂરણકામ પૂરણકામ રે દીનતણા ૨

અન્ય માન્યવર મહાશયોનાં પદો.

૮૮

મળે કોણ આજે અહેવો અધિકારી રે,
કહીએ જેનિ આગળ વાતડી હમારી;
મળે કોણ આજ પૂર્ણ સંસ્કારી રે,
દઇયે જેની આગળ દુઃખડાં વિસારી. મળે કોણ આજ. ટેક.
સત્વ ગુણ વિષે જેનું ચિત્ત થયું શાન્ત સદા,
રજ તમોગુણ નાંખ્યા નિવારી;
કામ ક્રોધ નર્ક માંહિ નાંખનાર જાણી જેને,
હૃદયમાંથિ કહાડયા હંકારીરે. મળે કોણ આજ. ૧.
લોભપાપી લાત મારી કહાડી મુકયો દૂર વળિ,
વિષય બુદ્ધિ મુકી છે વિસારી;
આત્મા સમાન માન્યા વિશ્વ સહુના આત્મા,
નાગણી સમાન અન્ય નારીરે. મળે કોણ આજ. ૨
શત્રુમિત્ર ઉપર ભાવરાખીયો સમાન ભાઇ,
ભૂખ તરશ દુઃખ સહ્યાં ભારી;
ભજન એજ ભોજનનું વ્યસન પડ્યું રાત્રી દિન,
આત્મ કેફની ચ્હડી ખુમારી રે. મળે કોણ આજ. ૩
જનુની ઉદર માંહી જન્મ મરણ આપનાર,
મોહ રૂપ શત્રુ નાંખ્યો મારી;
ગુરૂમંત્ર તણી ધુન્ય લાગી અંગે રોમે રોમ,
પ્રેમભક્તિ કરિ સદા પ્યારી રે. મળે કોણ આજ. ૪
મળિ આવે માડિ જાઓ વિશ્વમાંહિં વિરલો તો,

જોઇ ઠરે આંખડી હમારી;
તો તો પૂર્ણ ભાગ્ય ફળે ભણે ભોળાનાથ ભાવે,
વાર વાર જાઉં વારિ ારી રે. મળે કોણ આજ. ૫

૮૯

દઇએ કોની આગળ દુઃખડાં વિસારી રે,
મળે આજ કોણ એહવો અધિકારી,
મળે કોણ આજ પૂર્ણ સંસ્કારી રે,
કહિયે જેની આગળ વાતડી હમારી. દઇએ કોની. ટેક.
દુનિયા દિવાની હસી કહાડે છે દિવાનો ગણી,
બોલવાની નથી કંઇ બારી;
ભ્રમિત મગજ વાળો થઈ ગયો છે ભાન ભૂલી;
અગર કહે છે હામ ગયો હારી રે. દઇયે કોની. ૧
મુંઝાય ગભરાય જીવ અકળાય ઉર,
ઉંન્હુ ઝરે આંખડીથી વારી;
ઉથલપાથલ થાય ઉર થર થર પાય થાય,
દેખું દુખાયારાં નરનારીરે, દઇએ કોની. ૨
શૂળિ સમા લાગે સુર વિવિધ વિધ વાદ્ય કેરા.
વાગી ઉંડી આંચની કટારી;
વ્હાલાં લાગેલાં લાગે શત્રુ સમાં આજ મ્હને,
રંગ રાગ દીધા છે ઉતારી રે. દઇએ કોની. ૩
કર્યો ત્યાગ રાગ કેરા લાગ મળ્યેથી કરી છે,
યારી વિરાગથી વિચારી;
યોગનો વિયોગ થયે રસના રસવાળી મ્હારી,

રામ રામ રહે છે પુકારી રે. દઇએ કોની. ૪
થોડા વર્ષની મુસાફરીમાં મુને મળ્યાં કઇક,
સંસ્કારી અહા ! ! ! નર નારી;
કરી તેથી પ્રીત હવે અંતર ઉજાસ થયો,
તજી યારી તણી દરકારીરે. દઇયે કોની. ૫
બોલ્યાં નથી ખોટું ને લગાડયું નથી કોઇયે ખોટું,
છતાં લવી લઇ જીભ મ્હારી,
સ્નેહ સાથના સંગાથીની ચહીને માફી આજ,
ભોળાનાથ કહે છે આ ઉચ્ચારીરે. દઇયે કોની. ૬

૯૦

બ્રહ્માનંદનો આનંદ મ્હારા ઉરમાંરે,
કો ઉપાય નષ્ટ થાય ના વરણાય છે સદાય. બ્રહ્મા. ટેક.
આવી શાન્તી ભાગી ભ્રાન્તી અવિદ્યા તણીરે,
રોમ રોમ આત્મજ્ઞાનની ખુમારી છે અપાર. બ્રહ્મા. ૧
થયું પ્રાપ્ત પ્રાપ્ત થયાનું રહ્યું નથી રે,
મળ્યા નાથ થયો સાથ ઠેઠ દ્વાર જ્યાં મોરાર. બ્રહ્મા. ૨
ગતી કર્મ ધર્મ કેરી હવે શું કરેરે,
હવે ધર્મ દૂત ભૂતનો ન ભાર છે લગાર. બ્રહ્મા. ૩
સેવે જન જેના પ્રાપ્ત થવા સ્થાનને રે,
તેવા દેવ મ્હારા રૂદયા મોઝાર આણીવાર. બ્રહ્મા. ૪
બ્રહ્મસરિતામાં જો ભળે વિચારથી રે,
ભોળાનાથ નાથ રૂપ નિરધાર એકતાર. બ્રહ્મા. ૫

૯૧

અકળ પુરૂષને પિછાણો મ્હારા વીરારે,
અકળ પુરૂષને પિછાણો રે...હે...જી. ટેક.
અકળ પુરૂષની અકળ ગતી છે,
અકળ કૃતી ભાઈ ભારી. મ્હારા વીરારે. અકળ. ૧
અકળ તણી છે અકળ મતી અંતી,
ઓળખી શકે સંસ્કારી મ્હારા વીરા રે. અકળ. ૨
શર્દ પૂર્ણિનો સ્વચ્છ શશિ સહુ,
જનને સ્વચ્છ જણાશે હે...જી.
ચક્ષુએ ચશમાં પીત ધર્યા પછી,
સ્વચ્છઇ વુર્ત હણાશે મ્હારા વીરારે. અકળ. ૩
અગર પાન્ડુનો પૂર્ણ રોગી તે,
વિશ્વને પીત વિલોકે હે...જી.
નિર્મળ જેનાં નેત્ર નિરાળાં,
કેમજ પીત વિલોકે મ્હારા વીરા રે. અકળ. ૪
ચક્ર ફરીને ઉભેલો જન,
ભ્રમિત જગત આ ભાળે હે...જી,
શાન્ત ઉભેલો સજ્જન કહો કેમ,
દુનીયાં ભ્રમિત નિહાળે મ્હારા વીરારે. અકળ. ૫
અજ્ઞાન રૂપ નર પીળા ચશમથી,
જાણે જીવનને વિકારીરે હે...જી,
કદર કરે જો પોતે પોતાની,
સમજે થઇ સંસ્કારી–મ્હારા વીરારે. અકળ. ૬

અજ્ઞાનીને અકળ ગતીનો,
ભાસે ન મહિમા ભાઇરે હે...જી,
ભોળાનાથ ભાસે નિજ ભાવે,
જ્ઞાની જનોને સુખદાઇ મ્હારા વીરારે. અકળ. ૭

૯૨

યોગતણા સાધનરે સાધુ સાધીયે,
મોક્ષ પ્રાપ્તીનો એ પણ એક ઉપાય જો;
જીવન મુક્તનું ચોથું એ સોપાન છે,
અખંડ અનુભવ આનંદ એથી થાય જો. યોગ. ૧.
માંકણ મચ્છર વિરહિત મઠ સુ બાંધવો,
જેમ પડે નહિ યોગ વિષે વિક્ષેપ જો;
સીંહ વ્યાઘ્ર વરૂ જનના શબ્દોથી કરી,
ચિતવૃત્તિમાં પાડો નહિ આક્ષેપ જો. યોગ. ૨
અતિ ઉંચુ નહિ નેરે અતિ નીચુ નહિ,
અહેવું સ્થાનક નક્કી કરવું સાર જો:
બીછાવો એ પર શુભ દર્ભની સાદડી,
એ પર મૃગનું કૃષ્ન ચર્મ શુભ કાર જો. યોગ. ૩
એ પર વસ્ત્ર અગર તો ટાટ બિછાવવું,
સ્થિર સુખઆસન એપર કરજો સંત જો;
બ્રહ્માસન પદ્માસન સ્વસ્તીક આદિથી,
બેસી સાધો યોગક્રીયા ધીમંત જો. યોગ. ૮
કાય ગ્રીવા શિર સહુએ રે સીધાં કરી,
સવર કામના કરવી મનથી ત્યાગજો;

અર્ધોન્મિલિત નાસિકા પર દૃષ્ટી કરી,
અજપા મંત્રે કરો રૂદે અનુરાગ જો. યોગ. ૫
શ્વાસને આવતાં **સો** શબ્દ શુભ થાય છે,
જાતાં શ્વાસથી **હં** થાયે શ્રી કારજો;
એ રીતે **સોહં** મંત્ર જપો સદા,
ઉલટું ગણતાં થાયે હંસ ઉચ્ચાર જો. યોગ. ૬
એ પછી પ્રાણાયામ કરો વિધ વિધ તણો,
આપું એની સંક્ષેપે ઓળખાણજો:
પ્રાણ વાયુને ખેંચો એ પૂરક સદા,
પૂરી રાખો એ કુંભક એંધાણ જો યોગ. ૭
કાઢો બાહિર એ રેચક સમજીયેરે,
કાળ ગણત્રી એની છે શુભ રીત જો;
સોળ સુમાત્રા પૂરક કેરી જાણ જો,
કુંભક કેરી ચોસઠ માત્રા ખચીત જો. યોગ. ૮
રેચક કેરી માત્રા તો બત્રીશ છે,
પૂરક કરતાં કુંભક ચતુર્ગણ કાળ જો;
રેચક બમણો પૂરકથી માનો મુદા,
જાનુ પ્રદક્ષિણા ચપટી માત્રા કાળ જો. યોગ. ૯
આરંભે ઈડાએ વાયુ ખેંચીએ,
પછી કુંભક કરિ રાખો ઘટમાં સોમ જો;
પછી પીંગળા વાટે રેચક કીજીયે,
તેથી પૂરક કરીયે લોમ વિલોમ જો. યોગ. ૧૦
પૂરક કરતાં મૂળ બંધને કીજીયે,
જાલંધર કુંભકમાં કરવો ભાત જો;

રેચક સમયે ઉડીયાન કરવો કહ્યો,
એ બંધોને તજતાં બિગડે વાત જો. યોગ. ૧૧
એ રીતેથિ કરીએ એંશી સામટા,
પ્રાત:કાળે મધ્યાન્હે હરરોજ જો;
સાયંકાળે પાછા કરીયે પ્રેમથી,
મધ્ય રાત્રીએ કરવા આણી મોજ જો. યોગ. ૧૨
પૂરી સવાસો માત્રા કુંભકની રહે,
ત્યારે જાણો ઉત્તમ પ્રાણાયામ જો;
કનિષ્ટનો પરસેવો મધ્યમાં કંપ છે,
ઉત્તમ મધ્યે દાદુરતા સુખ ધામ જો. યોગ. ૧૩
પ્રાણાયામની પક્વ અવસ્થાને વિષે,
જઠર પ્રદીપ્ત ઉઘડે મુખની કાન્તી જો;
શરીર લઘુતા નાદ તણી ઉદ્દ્ભવપણું,
પામો ભોળાનાથ મળે સુખશાન્તિ જો. યોગ. ૧૪

૯૩

જ્ઞાન સુધારસ પીયોરે પ્રેમી મુકુંદના,
જ્ઞાન વિના નવ ભેટે શ્રી ભગવંત જો;
જ્ઞાન વિના નવ આવે જીવનમુક્તતા,
જ્ઞાન વિના નવ આવે ભવનો અંત જો. જ્ઞાન. ૧
છે આ જગની પ્રતીજળ બુદ બુદ સમી,
વિરમી જાતાં લાગે નહિ જરી વાર જો;
ખારા જળમાં મૃગજળ દેખી માનવી,
તરસ છીપાવા દોડે વારંવાર જો. જ્ઞાન. ૨

ખારા રણમાં આખો દિન દોડી મરે,
તોપણ જળ નવ મળતું એક ગ્રામ જો;
વિષયાનંદે એમજ જીવ મોહી રહ્યો,
પણ નવ મળતો એક સ્થળ ઉપરામ જો. જ્ઞાન. ૩
આત્મા શાંતિમયને સુખનાં રૂપ છે,
સચરાચર વ્યાપક છે જેમ ઘનશ્યામ જો;
અખંડ આનંદ એ માંહી નિશ્ચે ભર્યો,
સુરનર મુનિ રૂષિ સેવિત એ નિષ્કામ જો. જ્ઞાન. ૪
શસ્ત્રો નવ છેદે એ નિત્ય અખંડને,
અગ્નિ નવ બાળે એ ઇશ્ન અદાહ્ય જો;
વાયુ શોષ કરી નવ શકતો એહને,
અશોષ્ય એ પ્રભુ પૂરણ બ્રહ્મ સહાય જો. જ્ઞાન. ૫
નવ નવિ રીતથી સુંદર ઘર કર્યું શોભતું,
સુંદર માર્ગો જેના છે સુખકાર જો;
વસે એહમાં એ જન એથી ભિન્ન છે,
એ સૌ જાણે એ જગમાં નર નાર જો. જ્ઞાન. ૬
માનવનો એ કાયા રૂપ છે બંગલો,
નવ દ્વાર છે એના તો સુખકાર જો;
એક દ્વારથી એ ઘરનો મળ જાય છે,
એક દ્વારથી મલિન વારિ નિરધાર જો, જ્ઞાન. ૭
બે દ્વારેથી વાયુ આવે શાંતિમય,
બે દ્વારેથી શબ્દ સરસ સંભળાય જો;
બે દ્વારે થઇ અવલોકાતું જગત આ,
એ નવ દ્વારથી સર્વે વસ્તુની આય જો. જ્ઞાન. ૮

વિવિધ ભાંતી મહિ સાંધા મેળવિયા બહુ,
બે સ્થંભોપર રચીઓ એજ ખચીત જો;
ઠામ ઠામ એ સ્તંભો એને લઇ જતા,
એ એની છે એવી ગતિ વિપરીત જો. જ્ઞાન ૯
જીવ મુસાફર એમાં ભાડેથી વસ્યો,
એ કેમ એથી ભિન્ન નહિ રેહેનાર જો;
ભોળાનાથ કહે એ રીતે આપણે,
કાયા મેહેલે વસતાં સૌ નરનાર જો. જ્ઞાન ૧૦

૯૪

જ્ઞાન વિના નવ આવે ગમ ગોવિંદની,
જ્ઞાન વિના નવ તરીયે આ સંસાર જો;
જ્ઞાનવડેથી શિવપદ સેહેજે પામીએ,
એ માટે આ કરીએ શુદ્ધ વિચાર જો. જ્ઞાન. ૧
ભાડાની અવધિ તો જવ પુરી થશે,
તે મુકીને જાવું છે તે ધારજો;
જીવ મુસાફર તેમાં તો નિશ્ચય કરો,
જાશો ત્યારે ક્યાં જાશો નિરધાર જો. જ્ઞાન. ૨
કોણ જાણીતું ક્યાંથી આવ્યો ક્યારનો.
શાથી આવ્યો કર એનો સુ તપાસ જો;
ભગવત ભજવા આવ્યો બ્રહ્મ સ્વરૂપ તું,
જાવું અંતે શ્રીહરિચરણે ખાસ જો. જ્ઞાન. ૩
ચરણ આપીયા તિર્થાટણ કરવા તને,
હસ્ત આપીયા કરવા હરિગુણ સેવ જો;

સૌ સામગ્રી આપી શ્રી જગદીશ્વરે.
રાજી કરવા દેવ તણા મહાદેવ જો. જ્ઞાન. ૪
નરહરિ દર્શન કરવા આપ્યાં નેત્ર છે,
જીહ્વા ખાવા યથેચ્છિત અનાજ જો;
કેશવ ગુણ સાંભળવા આપ્યાં કર્ણને,
બુદ્ધિ આપી સ્મરવા શ્રી રઘુરાજ જો. જ્ઞાન. ૫
ઘોર શુષુપ્તિમાં તું લય પામ્યો હતો,
સુક્ષ્મ સ્વરૂપે હતી વાસના સંગ જો;
પ્રભુએ એ ત્હને આપ્યું સર્વ કૃપા કરી,
તરવા ભવને કરવા શ્રી સતસંગજો. જ્ઞાન. ૬
પૃથ્વી જળ અગ્નિ વાયુ નભ મહા ભૂતો,
ગંધ સુરસ રૂપ સ્પર્શ અને વળી શબ્દ જો;
શોભ સ્વાદ રતિ કામ માન વિષયોનું છે,
પાદ પાણિ ગિર ગુદા શિષ્નુ ઉપલબ્ધ જો. જ્ઞાન. ૭
શ્રોત્ર ત્વક ચક્ષુ ને રસના પ્રાણ મળી,
ચોવીસ તત્વો મળીયા એક જ ઠામ જો;
એને જે જાણે તે એથી છે જુદો,
એથી આત્મા હું જુદો અભિરામ જો. જ્ઞાન. ૮
જાગૃત સ્વપ્ન સુષોપ્તિ ને તુરીયા મળી,
પિંડની છે શુભ એજ અવસ્થા ચાર જો;
અન્ન મનોમય પ્રાણ અને વિજ્ઞાન મળી,
આનંદ આદિ કરીએ શુભ વિચાર જો. જ્ઞાન. ૯
બ્રહ્મ અને પરબ્રહ્મ તણા મંત્રો ભણી,

જ્ઞાન પામીને આણો બ્રહ્મ ખુમાર જો;
કુતર અસ્થી ચાટે નિજ મુખ લોહીથી,
સ્વાદ માણતું અસ્થી માંહી સારજો. જ્ઞાન. ૧૦
પંચ વિષયમાં એમજ જન આનંદ લે,
ભ્રાંતિ એની પંચ વિષયમાં જાય જો;
સદા સચ્ચિદાનંદ સ્વરૂપ હું આત્મ છું,
અહેવિ ભાવના કરતાં સહુ સુખ થાય જો. જ્ઞાન. ૧૧
કાળ કર્મ મુજને ન લાગે કોઇ દિને,
રક્ષક ગુરૂના શિરપર હાથ હજાર જો;
કાળ શિરે પાદુ દઇ સંતો ચાલશું,
ભોળાનાથ પતિ ઉતારો ભવ પારજો. જ્ઞાન. ૧૨

૯૫

એ દિન અમને ક્યારે આનંદ આપશે,
ચંચળ વૃતિ કરશું એકજ ઠાર જો;
દુરિજનનું મ્હોં કાળું કરી વનમાં ચાલશું,
રાખી એક શ્રી હરિ તણો આધાર જો. એ દિન. ૧
રજોગુણ મય વસ્ત્રો દિનને સોંપશું,
વનફુળ પેહેરી કરશું પ્રભુ સહ પ્યાર જો;
આનંદ ધરી ગિરિશિખરે બેસશું,
પાદાંગુષ્ટનો પૃથ્વી ઉપર પ્રસારજો. એ દિન. ૨
ગગનછત્રને સ્નેહ કરી શિર ધારશું,
સૂર્યબિંબ સહ દૃષ્ટિ એકાકારજો;
બ્રહ્માસનવાળી દૃઢ નિશ્ચય સાધશું,
સુરતા કરતાં સાથે કરશું સાર જો. એ દિન. ૩

શિયાળે નવ શીત તણો ભય રાખશું,
ઉનાળે આ તપનો નહિ જ લગાર જો;
વર્ષા માંહિ વારિ સેહેશું વ્હાલથી,
પણ દુઃખનો નવ આણીશ એક ઉચ્ચાર જો. એ દિન. ૪
કંઇક કાળ આ રીતે સુખથી કાઢશું,
ચઢશે ત્યારે અભિનવ બ્રહ્મખુમાર જો;
પંચ ભૂતાત્મક વપુનું ભાન નહિ રહે,
ભાન એક જ્યાં જગપતિ જગદાધાર જો. એ દિન. ૫
સમીપ ભૂમીમાં ઉંદર ત્યાં દર ખોદશે,
અહિગણ આવી રેહેશે ત્યાંહિ અપાર જો;
તન ચઢી એ અહિ તનપર તજશે કાંચળી.
તો પણ ડરવા નહિ કરશું વિચાર જો. એ દિન. ૬
પંખીડાં આવી કો પ્રેમે એ પળે,
શિરજટામાં માળા કરશે સાર જો;
હાંહાંહાં કહી હરિ એ ઘડીએ કર ઝાલશે.
ભીવર કેહેશે માગ પુત્ર જયકાર જો. એ દિન. ૭
એ વારે કેહેશું પ્રભુ તવ પદપંકજે;
જનમોજનમ અમોને દેજો ધ્યાન જો;
વિપત વખતમાં બેલી થાજો બાપલા,
આપ પદો વિણુ અવર ન દેજો ભાન જો. એ દિન. ૮
દુરિજન સંગ ન સ્વપ્ને દેજો ઓ પ્રભુ,
ચાતક ચંદ્ર પ્રમાણે દેજો નેહ જો;
દોર ઉપર જેમ નટડી સ્થિર મન નાચતી,
ભોળાનાથ પતિ તેમ દેજો સ્નેહ જો. એ દિન. ૯

(૯૬)

આંખ ભર્યે શું થાય હઠીલી આંખ ભર્યે શું થાય.
ફેરવવા મુજ સરખા પાછળ, તું વિધ વિધ પલટાય. હઠીલી. ૧
રૂપથી વાણી વિલાસથી મોહથી, બાંધ્યા તેજ ફસાય. હઠીલી ૨
હું રસઘેહેલો તું રસ સૂતી, મેળ હવે નહિ ખાય. હઠીલી ૩
લાજ તજી ઘર બાર તજ્યું વળી, મિત્ર સગા ને સ્હાય. હઠીલી. ૪
તો પણ પાસ તને નવ લાગ્યો, આ .દલ રસ ઉભરાય. હઠીલી ૫
તું રસમય બન કે તજ પાલવ, રસ રસ રસ વહી જાય.હઠીલી. ૬
સરસ મણી રસ રૂપ બતાવે, રસવિણ વિરસ જણાય. હઠીલી. ૭

૯૭

ભજન બનત નહિં મનવા રહેલાનીયાં. ભજન.
અચ્છા અચ્છા ખાના ચહિયેરે, ઓર ઠંડા પાનીયાં;
આવનેકું બીડા ચહિયે, ઓર પીકદાનીયાં. ભજન. ૧
સોનેકું તો સહેજ ચહીયે, રૂપવંતી રાનીયાં;
પૂત તો સપૂત ચહીયે, કુલકી નિશાનીયાં. ભજન. ૨
હીરા ચહીયે મોતી ચહીયે, ઓર રત્નખાનીયાં;
હાથી ચહીયે ઘોડા ચહીયે, તંબુ અસમાનીયાં. ભજન. ૩
કીલ્લા તો અટુટ ચહીયે, તોપ ધુળધાનીયાં;
કહત કબીર સુનો ભાઇ સંતો—લોભે લલચાનીયાં. ભજન. ૪

૯૮

દુનિયાં દોરંગી બેઢંગી કદર વિહીન છે રે. દુનિયાં.
સરળ રહે તેને શઠ કહે છે, વક્તાને વંચક પદ દે છે;

વિનય કરે તો કહે ધનને આધીન છે રે. દુનિયાં. ૧
ક્ષમાવંતને નિર્બળ કહે છે, દમનકને જ અશક્તિ કહે છે;
મધુરવચન બોલે તો કહે એ દીન છે રે. દુનિયાં. ૨
ધર્મીને તો દંભી કહે છે, નિષ્પ્રેહીને માની કહે છે;
તૃષ્ના ત્યાગે તો કહે સુભાગ્યહીન છે રે. દુનિયાં. ૩
ઉદારને ઉડાઉ કહે છે, લોભીને લખ્ખલ્યાનત દે છે;
સંતોને કહે મનના મહા મલીન છે રે. દુનિયાં. ૪
અપક્ષીને કહે એકલસૂરો, પ્રતીજ્ઞને હઠવાદી પૂરો;
કામાગરાને કહે ગરજે તલ્લીન છે રે. દુનિયાં. ૫
એકે વાતે નહિ આનંદી, સદા રહે સહુ સ્થળ સ્વચ્છંદી;
પરસુખમાં પ્રતિ વાસર એ ગમગીન છે રે. દુનિયાં. ૬
અવળાને સવળું આલેખે, સવળાને અવળું કરી લેખે;
ન્યાયપંથથી એનો ન્યાય નવીન છે રે. દુનિયાં. ૭
પૂર્ણચંદ્ર કહે પૂરણ પેખી, દુનિયાં દુર્વચ દુર્જય દેખી;
દુર્મદ દર્પી દોષ દર્શી દુર્બીન છે રે. દુનિયાં. ૮

૯૯

જોગીડે કીધાં વ્હેલાં તૂર રે હો બાઇયો અમને. વ્હાલીડે.
દીઠું દેહદેવળ તેના અધર ધર્યા પાયારે,
ઉંડેરાં નથી તેનાં મૂળ રે હો બાઇયો. જોગીડે. ૧
નજરો કરીને નાથે મ્હારા સામું જોયું રે,
નયણામાં વરસે ઝીણાં નૂરરે હો બાઇયો. જોગીડે. ૨
કબરે વખતની વ્હાલે કેફો કરાવીરે,
કેફમાં કીધાં ચકચૂરરે હો બાઇયો. જોગીડે. ૩

બાઈ મીરાં કહે છે પ્રભુ ગિરધરના ગુણ,
ચરણુમાં ખડી છું હજૂરરે હો બાઇયો, જોગીડે. ૪

૧૦૦

નોધારાના આધાર રે ગુરૂજી મ્હારા,
એકલના બેલી ભાગ્યાનાભેરૂ ભેરૂ રે જી.
શ્રીરે કૃષ્નજી જ્યારે દડુલો દોડાવ્યો રે,
ગોવાળ એમના છે ભેરૂરે ભેરૂ;
દડુલો દોડાવી વ્હાલે જાુમનામાં નાંખ્યો રે,
કાળીનાગ નાથી લાવ્યા હેરૂ રે હેરૂ. નોધારાના. ૧.
સતીરે દ્રુપતિ બાઇનાં ચીરજ પુર્યાં,
દુર્યોધન એમનો છે હેરૂ રે હેરૂ;
નવસે નવાણું ચીર કાડે કાડે પૂર્યા રે,
ભુધરે તેમના થઇ ભેરૂરે ભેરૂ. નોધારાના. ૨.
પ્રહલાદ માટે સ્થંભ ધખાવ્યો,
હીરણ્યાકંસ એનો ખેરૂરે ખેરુ;
નરહરી રૂપ ધરી દઇત્યને મારિને,
ઉગાર્યો પ્રહલાદ ચેરૂ રે ચેરૂ. નોધારાના. ૩
નામદેવજીને રે દર્શન દીધાં,
ફેરવી પોતાનું દેરૂં રે દેરૂં;
કહે રવીદાસ ગુરૂ ભાણુ પ્રતાપેરે,
ધણી કરે તરણાનો મેરૂ રે મેરૂ. નોધારાના. ૪.

૧૦૧

ભોજન લે આઉં...ભોજન લે આઉં, દુધ ભાત ફુલકારીયાં;
મોતીચૂરકે લડુવે...મોતીચૂરકે લડુવે, ભાજી કનકકી થારીયાં. ૧

દહિ દુધ લે આઉં...દહી દુધ લે આઉં, સીખરન ઘેબર ધારીયાં;
મંજુપાક મીઠાઇ . મંજુ પાક મીઠાઇ, વ્યંજન સબહી બધારીયાં. ૨
પાવો પ્રભુ પ્યારે...પાવો પ્રભુ પ્યારે, દેત સખી સબ ગારીયાં;
નિર્મળ જલ યમુના...નિર્મલ જલ યમુના,-ગગરી ભરી લ્યાઇ નારીયાં.૩
પીઓ પ્રભુ પ્યારે...પીયો પ્રભુ પ્યારે, દેત સખી સબ;
મુખવાસ લે આઉં...મુખવાસ લે આઉં, લોંગ ઇલાચી સુપારીયાં. ૪
ચાવો પ્રભુ પ્યારે...ચાવો પ્રભુ પ્યારે, દેત સખી સબ;
ગારી કાહે કું દીજે...ગારી કાહે કું દીજે, બ્હેની હમારી કુંવારીયાં ૫
તેરી બ્હેની સુભદ્રા...તેરી બ્હેની સુભદ્રા, અર્જુન સંગે સધારીયાં;
સુખ સહેજ બિછાઉ...સુખ સહેજ બિછાઉ, પુષ્પ રચિત સુખકારિયાં. ૬
પોઢો પ્રભુ પ્યારે...પેઢો પ્રભુ પ્યારે, દેત સખી સબ.
તેરી સાંવરી સૂરતપેં...તેરી સાંવરી સૂરતપૈ, સૂરદાસ બલીહારીયાં.૭

૧૦૨

વૃંદાવનનોરે ચંદ મ્હારે હ્રદયે વસ્યો છે.

ઉદ્ધવજી ભલે આવ્યારે આજ, વૃંદાવનનોરે.—
ગોવિંદજીનીરે ગોઠડી કીજે,
મનની મુકીને સર્વે સખીયોરે લાજ. વૃંદાવનનોરે. ૧
વસુદેવ દેવકીને સંતાપે કંસ,
એના ઉપર હવે ધરવો શો રોષ. વૃંદાવનનોરે. ૨
ગયા પછીરે ફરી ગોકુળ ન આવ્યા,
એવો અમારો શો દીઠોરે દોષ. વૃંદાવનનોરે. ૩
કંસની દાસી લાવ્યા મથુરાના વાસી,
હાંસી કરે છે અમને સઘળો સંસાર. વૃંદાવનનોરે. ૦

મથુરાં મુકીને હવે કંઇએ ન જાશો,
કુબજા સરીખી તમને નહિં મળે નાર. વૃંદાવનનોરે. ૪
રાસ રમાડયાં ખટ માસની રાતડી,
વ્હાલે આપીને અમને પુરો વિશ્વાસ. વૃંદાવનનોરે. ૦
કુબ્જયા એવીરે એવા ઠાકોર તમારા;
એવા **પ્રીતમજી**ના સ્વામી તમ પાસ. વૃંદાવનનોરે. ૦

૧૦૩

પ્રસાદ કેરો મહિમા મોંઘો છે માટે,
પૂરણ પ્રીતિથી આરોગો શિર સાટેરે.
નાણું ખરચ્યેથી આ તો ન મળે, મોંઘો૦
નથી વેચાતો વાટે ઘાટે. શિર. ૧
અંગ પ્રસાદે તારી કુબજ્યા, મોંઘો૦
મટયાં વાંકાં અંગ આડે. શિર. ૨
ચરણ પ્રસાદે તારી અહલ્યા, મોંઘો૦
નારી બની શૈલ સાટે. શિર. ૩
હસ્ત પ્રસાદે હનુમાન, મોંઘો૦
નેત્ર પ્રસાદે સરજ્યુ ઘાટે. શિર. ૩
દાસ દયાળું તમને દે છે, મોંઘો૦
ના રે મ્હોશો ખારે ખાટે. શિર. ૫

૧૦૪

જય માધવ મધુસૂદન જય કરૂણાસિંધો; પ્રભુ જય૦
ભવભયભીતિવિનાશન, શરણાગત બંધો. જયદેવ જયદેવ. ૧
વંદે કમલેશાનં, વિનતાસુતયાનં; પ્રભુ વિનતા૦

જગદેકાંત નિદાનં, કૃત સુરગણ માનં. જયદેવ જયદેવ. ૨
સાગરજાપરિવારં, કૌસ્તુભમણી હાર; પ્રભુ કૌસ્તુભ૦
ક્ષિરાંભોધિવિહારં, નિગમાગમ સારં. જયદેવ જયદેવ. ૩
મુકુટ વિભૂષિત ભાલં; શોભિત વનમાલં; પ્રભુ શોભિત૦
સ્યામળ કુંચિત બાલં, ત્રિભુવન જનપાલં. જયદેવ જયદેવ. ૪
દાનવયૂથવિનાશં, પૂરિત સકલાશં; પ્રભુ પૂરિત૦
બ્રહ્માનંદ વિકાશ, ખંડિત ભવપાશં. જયદેવ જયદેવ. ૫

૧૦૫

છે તન રંગ પતંગ સરીખો, ઊડી જશે સહી એતો રે જી;
એની મમતા મ્હેલી અળગી, ચેતનજી ઝટ ચેતો રે જી. છે. ૧
બાજીગરની બાજી જેવી, જગની રચના જાણો રે જી;
તેમાં શું તલ્લીન બનીને, મોજ મજાઓ માણો રે જી. છે. ૨
સગાં સર્વ સ્વારથનાં સંગી, મિત્ર સહુ મતલબના રે જી;
તારૂં સગું કોઇ નથી તેથી, તજ તેઓની તું તથના રે જી. છે. ૩
જગબાડી જેવી જે લક્ષ્મી, તે ન થશે કદી તારી રે જી;
મફત બની મગરૂર મૂરખડા, માને મારી મારી રે જી. છે. ૪
છળ પ્રપંચ છોડી ચટપટ તું, કરી લે સુકૃત કમાણી રે જી;
માન વચન પૂર્ણેંદુ આ, જરૂર હિતકર જાની રે જી. છે. ૫

૧૦૬

સાત્વિક સંતોનો સંગ સદા સુખદાયી.
કરિયે તો હરિયે કુલ હરકત, વરિયે વારૂ વડાઇરે. સાત્વિક.
કપાસ સમ તે કષ્ટ સહીને, સહુને સુખ દે સારાં;
જંગમતીર્થ જાગતિ જ્યોતિ, બંધ કરે દુખબારાં રે. સાત્વિક. ૧

કારણ વિણુ તે કરે સહુનું, ભલું નિરંતર ભાઇ;
રહે સમરસમય રોજ રોજ તે, સુકૃતનાજ સખાઇ રે. સાત્વિક. ૨
પૂજક નિંદક પારસ આયસ, બેઉ બરોબર લેખે;
શોધ ગુણોનો કરે સર્વદા, દોષ ન કોઇના દેખે રે. સાત્વિક. ૩
શુકલ ધ્યાનમાં લીન સતતે, રહે અચળ એક રંગી;
પરંબ્રહ્મથી પૂર્ણ પ્યાર સહ, લગાડી લગની જંગી રે. સાત્વિક. ૪
પ્રબળ પુણ્યના ઉદય પ્રતાપે, મળે મહાત્મા એવા;
પૂર્ણચંદ્ર કહે પ્રેમે તેની, સદાય કરીએ સેવા રે. સાત્વિક. ૫

સર્વ વાતના સાર રૂપે મહાત્માની શિક્ષા.

૧૦૭

નિજ યોગ્ય સ્થિતિયો અર્પી, પ્રભુજી શ્રેય નિત્ય કરતા; પ્રતિક્ષણુ.
તરૂવર તણી સ્થિતિ અર્પીને. નીર મૂળમાં ભરતા;
ત્રિવિધ વાયુ વહન કરી જન, તાપ સહુ હરતા. પ્રભુજી શ્રેય૦ ૧
પશુ પંખીની અર્પી સ્થિતિ, એ રૂપ અનુસરતા;
પય પયોધરમાં પ્રથમથી, ઇશ આદરતા– પ્રભુજી શ્રેય૦ ૨
સબળ કેમ નિર્બળ બનીને, જ્યાં ત્યાં જઇ ઠરતા;
નાથ શિર ઉપર છતાં કેમ, કોઇને કરગરતા. પ્રભુજી શ્રેય૦ ૩
પ્રાણિ પ્રભુને પરિહરે પણ, પ્રભુ ન પરિહરતા;
સ્મરતા નહિ જીવો તથાપિ, સહુને તે સ્મરતા. પ્રભુજી શ્રેય૦ ૪
અમીધર આ રીતે હિત કરે ઇશ, દિલ કેમ ડરતા;
સાધક શિશુ ઉત્સંગમાં લઇ, શિષ કર ધરતા. પ્રભુજી શ્રેય૦ ૫

૧૦૮

આ ભવ રૂપિ આંહીરે, ધારો ભાઇ ધર્મશાળા;
ઉતર્યા સહુ એ માંહીરે, વિધવિધની ઇચ્છાવાળા. આ ભવ૦
કર્મ રૂપી દેશેથી આવ્યા, જવું અમરપુરી ધામ;
શ્રમને ત્યજવા માટે આવી, અત્રે લીધો આરામ.—
ઘડી વિસામો લઇનેરે, પંથે પડવું પગપાળા. આ ભવ૦ ૧
લાખો રહિને ચાલતા, અધુરી રાખી આશ;
અગણિત પાછા આવતા, અત્રે કરવા વાસ.--
દિન પ્રતિદિન એ રીતે રે, આવે જાવે જવાવાળા.—આ ભવ. ૨
વિધ વિધ પ્રાણિઓ આવી વસતા, વિધ વિધ દેશ ને વેશ;
વિવિધ રંગ ને વિવિધ ઢંગ પણ, સહુનો એક ઉદ્દેશ--
વિવિધ કાળા ગોરારે, વિવિધ પગ ને પાંખાળા— આ ભવ૦ ૩
અમરપુરી સુધી પહોચવા, સામગ્રી સહુ સાથ;
વાપરવી છે આપણે, અને આપણે હાથ—
વિચારી વાપરવીરે, ખાંતે ખાંતે ખર્ચાળા. આ ભવ૦ ૪
જીવન રૂપી ભીંતપર, કરમાં કોલસો લઇ;
લખનારા લખતા ભલે, (પણ) આપણે લખવું નહિ—
પડવું આપણે પંથેરે, કર્યા વિના ધોળા કાળા-- આ ભવ૦ ૫
સરખા જ્યાં ગુરૂ શિષ્ય છે, સરખા જ્યાં નોકર ને શેઠ;
અધીશ્વર અમરપુરી વિષે, પહોચશું ત્યાં જઇ ઠેઠ—
માટે રસ્તો માપોરે, ગ્રહી નિજ નામમાળા.— આ ભવ૦ ૬

૧૦૯

ધર્મનો વિચાર કર્યે મન, ધર્મનો વિચારજી;
કૃષ્ણે અર્જુનને કહી છે, સર્વ વાતનો સાર— ખરેખર સર્વ૦

સર્વ ધર્મને છોડી દઈ કર્યં, માલ્હરો આધાર. કર્યંમન૦ ૧
ધર્મ જગમાં બહુ જણાયે, તેની શું દરકાર; ત્હારે તેની૦
સર્વ ધર્મ તે ઇંદ્રીયોના, ત્યજી થવું હુશીયાર. કર્યંમન૦ ૨
શરણું કર્ય નિજ સ્વરૂપનું, એ કૃષ્નના ઉદ્દગાર; અરે એ કૃષ્ન૦
એજ ધર્મના અર્થ સમજી, તું થઈ તૈયાર. કર્યંમન૦ ૩
બહિર મળશે કંઇ નહિ એમ, કરતી શ્રુતી પોકાર; પ્રતિપળ કરતી૦
નિજ સ્વરૂપને જ્યાંહિ ત્યાંહી, ધાર્ય વારોવાર. કર્યંમન૦ ૪
મનુષ્યજન્મ આ નહિ મળે એમ, માન ઉર મોઝાર; પ્રતિક્ષણું૦
અમીશ્વર સદ્દગુરૂના શરણે, ભવની બેડલી પાર્ય. કર્યંમન૦ ૫

૧૧૦

ભગવંતને ભજીલેનેરે, ખટપટને ત્યજી દેનેરે......હે...મનવા.
ભાઇ ત્હારા માથે ભારી, બધી છે જવાબદારી,
ઉરમાં ઉતારીધારી એ લે રે......હે...મનવા. ભગવતને૦
નથી કાંઇ અંતે ત્હારૂં, માને કેમ મ્હારૂં મ્હારૂં,
અહેવું સમજે તો સારૂં છે છેરે......હે...મનવા ભગવતને૦
સતસંગ સેવા કરિ લે. ભજનનું ભાતું ભરિ લે,
તેથી ભવસાગરને તું તરિ લે રે......હે...મનવા. ભગવતને૦
શીખામણ સાંભળ હેલ્લી, હવાની હવેલી મ્હેલી,
અમીશ્વરજી અંતે બેલી એ છેરે......હે...મનવા. ભગવતને૦

૧૧૧

સેવો મન સાચા સાધુ સાચા, સાચા સાચા સાચા સાચા. સેવો.
સાચિ સેવાથી ઇષ્ટ સધાસ્યે, સાચિ એ શાસ્ત્રની વાચા. સેવો.

કૃષ્ણે કરી છે સાધુની સેવા, ન્યાળો ગીતામાં શબ્દો ન કાચા. સેવો.
અમીધર સાચા સાધુના સંગે, ત્રિવિધ તાપો ખાય તમાચા. સેવો.

૧૧૨

ઇશ્વરની માયા રે મેં ના વિલોકી,
ઇશ્વર હૃદયમાં રહ્યો ન રોકી. ૧
દહાડો ને રાત્રી મેં ના વિચારી,
સાધી સમાધી ન સર્વ વિસારી. ૨
સાધી સુસંધ્યા મેં ના તટોમાં,
કીધી ઝુંપડલી ન ગંગા વટોમાં. ૩
વ્હાલી વિભૂતી મેં ના લગાવી,
અમીધર અલેખો ન ઉંડી જગાવી. ૪

૧૧૩

હતું ત્યારે સહુ મ્હારે, નથી ત્યારે કંઇ મ્હારે;
હતું તે સાથ કંઇ નાવ્યું, છતાં તેમાં શું લલચાવું. ૧
કહો ક્યાંનો હું તે ક્યાંનાં, હતાં મુજથી એ અણજાણ્યાં;
ગ્હને શાથી મળ્યાં આવી, કરી યુક્તી ક્રને આહાવી ૨
મળિ જઇને શું મમતાથી, રમાડયો કહો મ્હને શાથી;
છુડાવો કોઈ આ ગ્રથી, મળ્યાં સહુ પંથમાં પંથી ૩
ઘડિ વિશ્રામ ચાલ્યો લઈ, સગાઇ એટલે શું થઇ ?
ક્રિયા હકથી પછાડી તે, જુવે નિજ આંખ ફાડીને. ૪
ગઇ કે રહી કઇ વસ્તુ, ગમે તે હો હવે અસ્તુ;
કહે અમીધર જી "किंबहुना" વહ્યાં રસ્તે સહુ સહુના. ૫

૧૧૪

ભક્તવચ્છળ ભગવંત કમળાકંત (૨) કમળાકંતરે,
અંતરયામી અનંત કમળાકંત (૨) કમળાકંતરે,
આર્યભૂમિરૂપ ગૌ હું દુઃખી છું, સંતોની સેવાથી કંઇ સુખી છું;
ધર્મનું ઘાસ નાંખો હું ભુખી છું,
શરણાગત રખવંત, હે શ્રીમંત (૨) હે શ્રીમંતરે. ભક્ત ૧
સેવકનાં કષ્ટ સમૂળાં કાપો, ત્રિવિધ તાપોને ઘષ્ટ ઉત્થાપો;
અમીધર આર્યોને જય જય આપો,
ખાંતેથી રાખી ખંત, હે જયવંત (૨) હે જયવંતરે. ૨

૧૧૫

સહુને જય શ્રીહરી, સ્નેહે સહુને જય શ્રીહરી.
રાગી ત્યાગી બાઇને બાઇ, કહું છું હું કરગરી. સ્નેહે. ૧
અમીધર ઇશ્વર સહુમાં સરખો, એ પંથાનુસરી. સ્નેહે. ૨

गंगा पापं शशि तापं । दैन्यं कल्पतरु स्तथा ॥
पापं तापं च दैन्यंच । हंती साधु समागमः ॥

અચ્યુતં કેશવં રામ નારાયણં, કૃષ્ણ દામોદરં વાસુદેવં હરિં;
શ્રીધરં માધવં ગોપિકાવલ્લભં, જાનકી નાયકં રામચંદ્રં ભજે.

કામીકું નારી પિયારી જિમી, લોભીકું પ્રિય દામ;
તૈસે કબહોં લાગી હોં, મેરે હ્રદયે રામ.

સિયાવર રામચંદ્રકી જય!!!

જાહેર ખબર.

નીતિબોધ ચિંતામણી—બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રી ઋષિ-રાજજીની કસાયલી કલમથી અને સરલ ચાનક પૂર્ણ રસિક વાણિથી પ્રકાશ પામેલી દરેક જણને સમજ પડે તેવી ભાષામયી હોવાથી ભવસાગર તરવાને ખાસ સફરી વહાણ રૂપ છે. કીંમત પાકા પુંઠા સાથની ચોપડીના ૨–૮–૦ જ છે.

ચાપોત્કટ કાવ્ય—વીરરસ નીતિ વૈરાગ્ય વગેરેથી પૂર્ણ ચાવડા ચરિત્ર કે જે સાહિત્યના શૃંગાર રૂપ છે અને એ પણ ઉક્ત મહાત્માશ્રીજીની રમ્ય વાણીનીજ રચના છે, એથી પુસ્તક હાથમાં લીધા પછી વાંચતાં બંધ પાડવાનું બિલકુલ ગમતું નથી એવું રસીલું છે. પાકા પુંઠા સાથે કીમત ૧–૪–૦ (પોષ્ટેજ જુદું)

મહાત્માન્ શ્રી ઋષિરાજજી મહારાજજીની ઝીંકો પ્લેટ છબી કેબીનેટ સાઈઝની તૈયાર છે. પ્રભુ નામના પ્રાણધન ભક્તોને તે છબી અવલોકવાની ઇચ્છા હોય તો ૦–૪–૦ ન્યોછાવરથી મળશે.

મળવાનું ઠેકાણું.

મહારાજ મણિલાલ રુષિરાજજી.

વરસોડા. (મહીકાંઠા.)

ખુશખબર.

આ પુસ્તકના કર્ત્તા પૂજ્યશ્રીની ઝીંક પ્લેટની છબી ર તૈયાર છે. ન્યોછાવર ૦-૪-૦

મળવાનું ઠેકાણું.

૧ અમદાવાદ—"હિતમાર્ગ" માસિકની બ્રાંચ ઓફીસ

૨ મુંબાઇ—શાહ મૂળચંદભાઇ રણછોડદાસની દુકાને, પોસ્ટ નં. ૩ ત્રાંબાકાંટો.

૩ અને મહાત્માશ્રીની જ્યાં સ્વારી હોય ત્યાં.— પંડિત કાળીદાસ ખુશાલરામ પાસેથી મળશે.

ધન્વંતરી વૈદ્યક માસિક—દવા સંબંધી ઉચ્ચ જ્ઞાન મેળવવા સર્વથી સરસ આ એકજ માસિક છે. લવાજમ વર્ષના ટપાલ સુદ્ધાં ૨-૦-૦ છે.

વકીલ ભોગીલાલ નીકમલાલ.

ધન્વંતરી ઓફીસ,

વીસનગર.—ઉત્તર ગુજરાત.